સુવિચાર
અજ્ઞાની અને ભણેલા અન્યના દોષો જુએ છે. જયારે જ્ઞાનીઓ અને સજજનો પોતાના દોષો જુએ છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂ. ૩.૦૦
તા. ૧૦/૦૨/૨૦૨૪, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૦ મહા સુદ-૧ વર્ષ : ૧૫ અંક : ૦૫૧

## ૭ મહિના પહેલાં ૨૦ થી ૨૫ જેટલા ઈસમોએ કાવત્રુ રચી બંધ મકાન તોડી પાડયા બાદ

# અંતે ધરાઈનાં વૃધ્ધાને ન્યાય મળતાં તેઓએ કર્યા પારણા

**વૃધ્ધા અને તેમની પુત્રવધુએ આરોપી સામે પોલીસ ફરિયાદ નોંધાવવા ઉપવાસ શરૂ કર્યા હતા**

**સ્થાનિક પોલીસે ૪ થી ૫ સામે નામજોગ અને ૨૦ થી ૨૫ અનામી વ્યકિતઓ વિરૂધ્ધ ફરિયાદ નોંધી**

**આરોપીઓએ ૮ થી ૧૦ તોલા સોનાની ચોરી પણ કર્યાનો ફરિયાદમાં ઉલ્લેખ**

**૭ મહિનાનાં અંતે વૃધ્ધાને ન્યાય મળતાં વૃધ્ધાએ સહકાર આપનારનો આભાર માન્યો**



અમરેલી, તા. ૯
બાબરાનાં ધરાઈ ગામનાં વૃધ્ધ અને તેમની પુત્રવધુએ પોલીસ ફરિયાદ નોંધવાની માંગ સાથે ઉપવાસ શરૂ કરતાં પોલીસે એફઆઈઆર નોંધતાં વૃધ્ધા અને પુત્રવધુએ આજે પારણા કર્યા હતા.
બાબરા તાલુકાના ધરાઈ ગામે રહેતા ૨૦ થી ૨૫ જેટલા ઈસમોએ સાત મહિના પહેલાં બપોરના બે વાગ્યા આસપાસ ધરાઈ ગામે એકસંપ કરી ગુનાહીત કાવત્રુ રચી બાબરા તાલુકાના ધરાઈ ગામે રહેતા ૮૪ વર્ષિય વૃધ્ધાના બંધ રહેણાંક મકાનના તાળા તોડી ગેરકાયદે પ્રવેશ કરી તે મકાનમાં રહેલ સામાન બહાર ફેંકી દઈ અને તે મકાન જે.સી.બી. દ્વારા ગેરકાયદેસર રીતે તોડી પાડી વૃધ્ધાના મકાનમાં રાખેલ સોનાના દાગીના

અનુસંધાન પાના ૬ ઉપર

## ધારાસભ્ય મહેશ કસવાલા દ્વારા વિકાસની વણઝાર શરૂ

# આનંદો : સાવરકુંડલાનાં શહેરીજનો માટે રૂપિયા ૩૦ કરોડનાં ખર્ચે સાકાર થનારા સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું ભૂમિપૂજન

**શહેરીજનોની ભૂગર્ભ ગટરનાં પાણીની સમસ્યાનો થશે નિકાલ**

સાવરકુંડલા, તા. ૯
સાવરકુંડલા ખાતે નગરપાલિકા હસ્તકની સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટને કાર્યરત કરવા ભાજપ શાસિત નગરપાલિકા દ્વારા ૨૫ કરોડના ખર્ચે અદ્યતન સુવિધાઓ સજજ બનાવવા માટેનું ખાતમુહર્ત ધારાસભ્ય મહેશભાઈ કસવાળાના વરદહસ્તે ખાત મુહર્ત કાર્યક્રમ રાખવામાં આવેલ છે. જયારે ગુજરાત અભિયાન અંતર્ગત જલ સે નલ અંતર્ગત વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ (SJMMSVY) નું ખાતમુહર્ત અલગ અલગ સમયે રાખવામાં આવેલ છે. જેમાં ગુજરાત શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગ હસ્તકની ગુજરાત શહેરી વિકાસ કંપની દ્વારા ૩૦ કરોડ જેવી માતબર રકમ વડે સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને જલ સે નલ અંતર્ગત વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ થકી સાવરકુંડલા શહેરીજનોને ફિલ્ટર પાણી મળી રહે અને ગટરના ગંદા પાણીમાંથી સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ મારફતે પાણી શુદ્ધિકરણની



યોજના ધારાસભ્ય મહેશ કસવાળાના પ્રયત્નો થકી સાર્થક સાબિત થઈ રહી છે. જેનું ખાતમુહર્ત ધારાસભ્ય કસવાળાના વરદહસ્તે થશે. તેમ પાલિકા સત્તાધીશ પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, ઉપપ્રમુખ પ્રતિક નાકરાણી, કારોબારી ચેરમેન અશોકભાઈ ચૌહાણ સહિતની સમગ્ર પાલિકાની ટીમ દ્વારા તડામાર તૈયારીઓ થઈ રહી છે.

## પત્નીએ કામે જવાનું કહેતા સારૂ ન લાગતા

# અરેરાટી : અમરેલીનાં રાંઢીયા ગામના ૨૦ વર્ષિય યુવકે ઝેરી દવા પી અંતિમવાટ પકડી

**નાના એવા ગામમાં શોકનો માહોલ છવાયો**

અમરેલી, તા. ૯
અમરેલી તાલુકાના રાંઢીયા ગામે રહેતા મનિષભાઈ નાનબુભાઈ વાસ્કેલ નામના ૨૦ વર્ષિય યુવકના આખો દિવસ ઘરે બેસેલ હોય અને તેમના પત્નીએ તેને કામે જવાનુ કહેતા પોતાને સારૂ ન લાગતા મનમાં લાગી આવતા ગત તા.૭ ના સાંજે ૮ વાગ્યે રાંઢીયા ગામે મનસુખભાઈ કાનજીભાઈ માંડાણીની વાડીમાં પોતે પોતાની મેળે ઝેરી દવાની બોટલમાથી ઝેરી દવા પી જઈ મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

આંતરરાષ્ટ્રીય વેપાર મેળો
તા. ૧૧,૧૨ અને ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૪
સ્થાનિક વેપાર વૃધ્ધિ સાથે
એક તક નિકાસ વેપાર ની પણ ખરી
SVUM 2024
INTERNATIONAL TRADE SHOW
તમામ ક્ષેત્રના લોકો માટે
અવશ્ય મુલાકાત લેવા યોગ્ય ટ્રેડ શો
આવી રહ્યા છે ૧૦૦ થી વધુ વિદેશી ગ્રાહકો
સ્થળ:- NSIC ગ્રાઉન્ડ, આજી વસાહત, 80 ફૂટ રોડ, રાજકોટ
સમય :- સવારે 10 થી સાંજે 6
SUPPORTED BY

Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ
આજનો ૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ (૧૦ ગ્રામ)
55,490/-
અમરેલી
વધુ માહિતી માટે
૬૩૫૨૪ ૩૧૩૬૬

NCT CANDOR
IVF CENTER (ટેસ્ટટ્યુબ સેન્ટર)
હવે...તમારા ઘરે પણ ગુંજશે ખુશીઓની કિલકારી...
એકમાત્ર અમરેલી જીલ્લાનુ
IVF CENTER
(ટેસ્ટ ટ્યૂબ બેબી સેન્ટર)
ડો. ચેતના મુરારકર
M.B.B.S., DGO
(Laparoscopic Surgeon & IVF Specialist)
ડો. જયદેવ ધામેલીયા
MBDGO
IVF Specialist
કોણ લાભ લઈ શકે ?
મહિલા
■ બંધ ટ્યૂબ.
■ વારંવાર IUI માં નિષ્ફળતા.
■ અનિયમિત માસિક.
■ ગર્ભાશયમાં ગાંઠ હોવી (PCOD).
પુરૂષ
■ ઓછા શુક્રાણુ.
■ શુક્રાણુઓની ઓછી ગતિશીલતા અને ખરાબ ગુણવત્તા.
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ
99253 94276 | 99789 66629

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

નારી હોસ્પિટલ
વુમન્સ & ચિલ્ડ્રન હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
દુરબીનથી તથા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ..
ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ પ્રસુતી તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત
Mo. 9327361084
ડૉ. ઉપાસના સી. કુબાવત
(M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત
Mo. 9723799091
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

Sheetal ICE CREAM
WE ARE HIRING!
Job Location : Amreli
MICROBIOLOGIST / CHEMIST
(BSC/MSC) (FEMALE)
DAIRY TECHNOLOGIST
(B.TECH/M.TECH) (MALE | FEMALE)
FOOD TECHNOLOGIST
(B.TECH/M.TECH) (MALE | FEMALE)
SUPERVISOR
(B.A/B.COM) (FEMALE)
WALK-IN TIME
10:00 am to 12:00 pm | 4:00 pm to 6:00 pm
APPLY NOW
+91 9081998018
sheetalhr530@gmail.com
SHEETAL COOL PRODUCTS LIMITED
PLOT NO.75 TO 81, G.I.D.C. ESTATE, AMRELI - 365601.

## ''નલ સે જલ'' યોજનામાં સમગ્ર રાજયમાં કરોડોનાં ભ્રષ્ટાચારનો આક્ષેપ

# ઘરે ઘરે જનતાને નળથી જળ તો ના મળ્યું પણ નળથી છળ થયું

### સરકારનું અકળ મૌન સાબિત કરે છે કે કયાંક સરકારનાં પણ આશીર્વાદ છે : અમિત ચાવડા

### ભાજપનાં ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડે જાહેરમાં કીધુ કે આ યોજનામાં ભ્રષ્ટાચાર ચાલે છે

### વિધાનસભા ગૃહનાં પ્રશ્નોતરીકાળની ચર્ચામાં કોંગી નેતાનાં ગંભીર આક્ષેપો

### સ્પેશ્યલ ટીમની રચના કરીને તટસ્થ તપાસની માંગ કરવામાં આવી

ગાંધીનગર, તા. ૯

ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડાએ આજે વિધાનસભા ગૃહમાં પ્રશ્નોતરી કાળ દરમિયાન ચર્ચામાં આવેલ 'નલ સે જલ' યોજનામાં થયેલા રાજયવ્યાપી ભ્રષ્ટાચાર મુદ્દે સીટની તપાસ કરાવવાની માંગ વિધાનસભા ગૃહમાં સરકાર સમક્ષ કરી છે.



અમિત ચાવડાએ જણાવ્યું હતું કે દેશના પ્રધાનમંત્રીએ આ દેશના લોકોને વર્ષ ૨૦૨૪ સુધી દરેક ઘરે નળથી જળ મળશે એવી જાહેરાત ૨૦૧૯માં કરી હતી. આજે ૫ વર્ષનો સમય થયો છે. આ ગુજરાતની ડબલ એન્જિન સરકારે આ પૈસામાંથી શું કર્યુ એના પ્રશ્નોતરીના જવાબમાં જોવા મળ્યું કે છેલ્લા ૩ વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી આ યોજના માટે ૭,૫૦૦ કરોડ રૂપિયા મળ્યા પણ ગુજરાતની સાચી જમીની હકીકત શું છે ? તો ઘરે ઘરે લોકોને નળથી જળ તો ના મળ્યું, નળ આયા પણ કયાંય નળમાં જળ ના આવ્યું, 'પણ આ નળથી છળ મળ્યું' ગુજરાતના લોકો સ્પષ્ટ રીતે જોઈ રહ્યા છે. ગુજરાતમાં ચારેય તરફ આ 'નલ સે જલ' યોજનામાં ભ્રષ્ટાચાર વ્યાપક પ્રમાણમાં થઈ રહ્યો છે. તેમણે આ બાબતે ઉમેર્યું કે અમારા સિવાય આ મુદ્દે ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય અને અત્યારે વિધાનસભાના ઉપાધ્યક્ષ જેઠાભાઈ ભરવાડે લેખિતમાં જાહેરમાં કીધું કે આ યોજનામાં મોટા પ્રમાણમાં પૈસા ખવાઈ જાય છે ફકત કાગળ પર કામ થાય છે. પંચમહાલ જિલ્લો હોય, દાહોદ જિલ્લો હોય, મહીસાગર જિલ્લો હોય, વલસાડ જિલ્લો હોય, નવસારી જિલ્લો હોય કે આખા ગુજરાતના તમામ જિલ્લાઓમાં જે ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે એ આંખે દેખાય છે તેમ છતાં સરકાર ચૂપ છે. કારણ કે કયાંકને કયાંક આ ભ્રષ્ટાચારના પૈસા સરકારમાં બેઠેલા લોકો સુધી પણ પહોંચતા હશે એટલા જ માટે આ ભ્રષ્ટાચાર બાબતે સરકાર ચૂપ છે.

અમિત ચાવડાએ જણાવ્યું કે, જયારે ચારેય બાજુથી રજૂઆત આવી, વિરોધ થયો ત્યારે સરકારે તપાસના નામે નાટક પણ થયું કે તપાસ કરવા માટે વાસ્મોની યોજનામાં જે કામો થયા છે એનું મોનીટરીંગ થાય, સ્થળ પર તપાસ થાય એટલા માટે સરકારે ટેન્ડર પાડયું અને દિશા નામની એજન્સી નક્કી કરી અને એને કીધું કે આ તમામ કામો થયા છે કે નહિ એની તપાસ કરો અને તપાસ કરનાર એજન્સીને પણ ૫ કરોડ રૂપિયા ચુકવ્યા. એક તો કામમાં પણ ભ્રષ્ટાચાર અને તપાસ કરવાના નામે પણ ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો. તેમણે આજે વિધાનસભાની પ્રશ્નોતરીમાં અમે સ્પષ્ટ માંગણી કરી છે કે નળ આવ્યા છે પણ જળ પહોંચ્યું નથી. ઘરે ઘરે જળ પહોંચાડવાના જે ભાષણ, વાયદા અને વચનો થયા એ પૂરા થયા નથી. નળથી જળ નથી મળ્યું પણ નળથી છળ મળ્યું છે લોકોને એટલા માટે આ સમગ્ર કરોડો રૂપિયાનો જે ભ્રષ્ટાચાર છે તેની ન્યાયીક તપાસ થવી જોઈએ. જે અધિકારીઆને, નાના નાના લોકોને તમે બદલી કરો છો કે સસ્પેન્ડ કરો છો એ પૂરતું નથી.

આખા ગુજરાતમાં જયારે આ યોજનાનો ભ્રષ્ટાચાર વ્યાપક પ્રમાણમાં હોય તો સીટ–સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેટિંગ ટીમની રચના કરવામાં આવે અને આખા ગુજરાતના નલ સે જલ યોજનાના ભ્રષ્ટાચારની તપાસ થાય અને આ યોજનાના ભ્રષ્ટાચારના પૈસા જે મોટા લોકો સુધી પહોંચતા હોય એમને પણ જેલના સળિયા પાછળ નાખવા માટે સીટ તરફથી તપાસ કરાવો એવી કોંગ્રેસ પક્ષ તરફથી માંગણી કરી છે.

---

### રાજુલા નજીક આવેલ

## ભાક્ષી–ભંડારીયાની નદીનાં માર્ગ ઉપર જુગાર રમતાં પાંચ પત્તાપ્રેમી ઝડપાયા

### રૂપિયા ૫૫૬૪૦નો મુદ્દામાલ કબ્જે થયો



અમરેલી, તા. ૯

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે જુગારની પ્રવૃતિ કરતા ઈસમો ઉપર વોચ ગોઠવી, તેમના ઉપર સફળ રેઈડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય, અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ.પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ ગત તા.૮ ના રોજ રાજુલા તાલુકા વિસ્તારમાં પેટ્રોલીંગ હોય, તે દરમિયાન બાતમી હકિકત આધારે રાજુલા તાલુકાના ભાક્ષી–ભંડારીયા ગામે આવેલ નદીમાં જવાના રસ્તે ખુલ્લી જગ્યામાં જાહેરમાં પૈસા પાનાથી હારજીતનો જુગાર રમતા હારૂનભાઈ મહંમદભાઈ સુમરા, નાગજીભાઈ તેજાભાઈ ચાવડા, સુલતાનભાઈ ઈબ્રાહીમભાઈ બુકેરા, (રહે. ત્રણેય રાજુલા), ભુપતભાઈ લખુભાઈ ધાખડા, તથા અનિલભાઈ નાગજીભાઈ પાટડીયા, (રહે. બંને જાપોદર, તા.રાજુલા), વાળા પાંચ ઈસમોને રોકડા રૂપિયા ૩૩,૧૪૦ તથા મોબાઈલ ફોન નંગ – ૩ કિંમત રૂપિયા ૨૨,૫૦૦ મળી કુલ રૂપિયા ૫૫,૬૪૦ નો મુદ્દામાલ સાથે પકડી પાડી, તમામ ઈસમો સામે જુગારધારા મુજબ ધોરણસર કાર્યવાહી કરી, પકડાયેલ આરોપીઓ તથા મુદ્દામાલ રાજુલા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

---

### દામનગર : ડીવાઈડરમાં રહેલ વૃક્ષોને પાણી પિવરાવવાની જરૂર




સુંદર મજાના દામનગર નગરપાલિકાની હદમાં અને સ્ટેટ હાઈવે પરના ડીવાઈડરમાં રહેલ વૃક્ષોને પાણી પીવડાવવાની તાતી જરૂર છે. દામનગર શહેરની શોભા વધારતા તમામ ડીવાઈડરમાં રહેલ વૃક્ષોને ઘણા સમયથી પાણી પીવડાવવામાં આવેલ ન હોય,શિયાળાની વિદાયનો સમય અને ઉનાળો શરૂ થવાના દિવસો નજીક છે (પાનખર..) ત્યારે આ તમામ વૃક્ષોને પાણી પિવરાવવામાં આવે એવી લાગણી છે.

---

### એસ.ટી.ની સેવાને સમયસર ચલાવવી જરૂરી

## બગસરાનાં એસ.ટી. ડેપોમાં સુરત રૂટની બસ ૨ કલાક મોડી ઉપડતા મુસાફરો રઝળયા

### સતત ફરિયાદ ઉભી થતી હોય અધિકારીએ ધ્યાન આપવું જોઈએ

બગસરા, તા. ૯

બગસરા એસટી ડેપોમાં સવારે સાત કલાકે ઉપડતી એસ.ટી. બસ બગસરા સુરત શુક્રવારે સવારે ૯:૦૦ કલાકે બે કલાક મોડી ઉપડતા પેસેન્જર હેરાન પરેશાન થયા બગસરા ડેપોમાં બગસરા સુરત બસ ઓનલાઈન બુકિંગ થતી હોય જેથી તે બસમાં ઘણા પેસેન્જરે સીટ બુક કરેલી હતી. લોકો સરકારી બસનો વિશ્વાસ કરી અને પોતાના કામ માટે ૫૦૦ કિલોમીટરનું અંતર કાપવા આ જીએસઆરટીસી ઉપર વિશ્વાસ કરી અને અમો ટાઈમે પહોંચી જશો એવો ભરોસો પેસેન્જરોને હોય છે. પરંતુ બગસરા એસટી ડેપોમાં કંઈક ઉલટું જ જોવા મળે છે અને જેમાં સુરત ટાઈમ` પહોંચી જશું તેનો શેડયૂલ



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

વિખાઈ જાય છે. ત્યારે આવું તો બગસરા એસટી ડેપોમાં અનેક વાર બની રહ્યું છે અંધેરી નગરી ગંડુ રાજા જેવી પરિસ્થિતિ જોવા મળી છે.

---

### બાબરાનાં કીડી ગામે જુગાર રમતા બે આરોપી ઝડપાયા

અમરેલી, તા. ૯

બાબરા તાલુકાના કીડી ગામે રહેતા સુરેશભાઈ બાબુભાઈ ગોલાણી, બટુકભાઈ ખોડાભાઈ ગોહિલ, વિક્રમભાઈ લાલાભાઈ રાઠોડ, સુરેશભાઈ વિઠ્ઠલભાઈ મેટાળીયા, સાતાભાઈ ભીમાભાઈ મકવાણા, લાલજીભાઈ છગનભાઈ ગોલાણી (રહે.પાંચેય રહે.કરીયાણા) તથા હિતેષભાઈ કાળાભાઈ સરવૈયા (રહે.બાબરા) વાળા સાતેય ઈસમો કરીયાણા ગામે બસ સ્ટેશન સામે બાવળની કાંટમાં પાના તથા પૈસા વડે હારજીતનો તીનપતીનો જુગાર રમતા રોકડા રૂા.૪૧૮૦ તથા ગંજી પાતાના મળી કુલ કિમત રૂપિયા ૪૧૮૦ સાથે રેઈડ દરમ્યાન બે આરોપી પકડાઈ જઈ તથા ૫ આરોપી બાવળની કાંટમા નાસી ગયાની ફરિયાદ નોંધાઈ છે.

---

### લોકર તોડવા અને તેમાંથી દાગીના, રોકડા લેવાનાં ગુન્હામાં

## રાજુલાની એસબીઆઈનાં ચીફ મેનેજર તથા હિસાબનીશનો નિર્દોષ છુટકારો

### એડવોકેટ ઉદયન ત્રિવેદીની દલીલો સફળ રહી

અમરેલી, તા. ૯

રાજુલાની એસબીઆઈનાં ચીફ મેનેજર તથા હિસાબનીશનો લોકર તોડવા, લોકરમાં રહેલ દાગીનાં અને રોકડ લેવાનાં ગુન્હાનો કેસ રાજુલાની અડીશનલ ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ એ.એચ. ત્રિવેદી સમક્ષ ચાલી જતાં બચાવ પક્ષનાં એડવોકેટ ઉદયન ત્રિવેદીની સફળ દલીલોનાં આધારે બન્ને અધિકારીઓનો નિર્દોષ છુટકારો થયો છે.

વિગત એવા પ્રકારની છે કે, રાજુલાની સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાની મુખ્ય શાખાના ચિફ મેનેજર રમેશભાઈ મગનભાઈ નિમાવત તથા આજ શાખામાં સીનીયર એકાઉન્ટન્ટ ગીરીશભાઈ લાભશંકર રાવળ ઉપર તેઓના ફરજકાળ દરમિયાન તેઓએ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાના ગ્રાહક અને રાજુલાના વેપારી ભરતકુમાર નટવરલાલ સંઘવીએ તેમનું સેફ ડીપોઝીટ વોલ્ટ લોકર કે જે તેઓ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાની મુખ્ય શાખામાં ધરાવતા હતા અને તેઓનું લોકર બેંક તરફથી ભાડુ ન ભરાયેલ હોવાની શરતચુકના કારણે લોકર બેંકની કાર્યવાહી મુજબ બ્રેક કરવામાં આવેલ હતું. આ બાબતે આ કામના ફરિયાદી ભરતકુમાર નટવરલાલ સંઘવીએ રાજુલા કોર્ટમાં ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૬, ૪૦૯, ૪૭૭(એ), ૧૨૦(બી) તથા ૧૧૪ મુજબની ફરિયાદ નોંધાવેલી હતી. જે ફરિયાદ અનુસંધાને પોલીસ તપાસ થયેલ હતી.





ઉપરોકત ફરિયાદમાં ફરિયાદીએ પોલીસ રૂબરૂ તથા કોર્ટ રૂબરૂ જે લોકર આ કામના આરોપીઓ ચિફ મેનેજર રમેશભાઈ મગનભાઈ નિમાવત તથા આજ શાખામાં સીનીયર એકાઉન્ટન્ટ ગીરીશભાઈ લાભશંકર રાવળ વિરૂધ્ધ જે લોકર તોડવામાં આવેલ તેમાં જે તે સમયે રોકડ રકમ રૂા. ૨,૦૦,૦૦૦ પુરા લોકરમાં પડેલ હતા તથા ૩૦૦ ગ્રામ સોનાના દાગીના પણ પડેલા હતા.

આ ૩૦૦ ગ્રામ સોનાના દાગીના તથા રૂા.૨,૦૦,૦૦૦ રોકડા આ કામના આરોપીઓએ તેમની સત્તાનો દુરૂપયોગ કરીને તા. ૧૭/૩/૨૦૦૯ ના રોજ ખોટુ રેકર્ડ બનાવી અને ફરિયાદીના લોકરમાં રાખેલ રૂપિયા તથા ઘરેણા લઈ ગયેલ હોય તેનો અંગત હેતુ માટે ઉપયોગ કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૬, ૪૦૯, ૪૭૭(એ), ૧૨૦(બી) તથા ૧૧૪ મુજબનો ગુન્હો આચરેલ હોય તે મુજબની ફરિયાદના અનુસંધાને આ કામે ફરિયાદ પક્ષ તરફથી લેખિત તથા મૌખીક દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલા. આ કામના આરોપીઓ જે તે સમયે સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાની રાજુલાની મુખ્ય શાખામાં ચિફ મેનેજર જેવો મહત્વનો હોદો ધરાવતા હોય તથા આરોપી નં. ૨ હેડ એકાઉન્ટન્ટનો મહત્વનો હોદો ધરાવતા હોય આ કેસ તેમના માટે તથા સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા માટે પણ ખુબ પ્રતિષ્ઠિા ભરેલો હોય અને તેમાં બેંકના લોકર તોડવા અંગેની તથા લોકરમાં રહેલ દાગીના તથા રોકડ લઈ લીધા અંગેની ફરીયાદ હોય જેથી સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા તથા આરોપીની પ્રતિષ્ઠા માટે ખુબ જ મહત્વનો હોય અને જેથી આ કેસ સમગ્ર વિસ્તારમાં ચકચારી બનેલો હોય અને જેથી આ કામે આરોપીઓ તરફથી બચાવના સાક્ષીઓ પણ તપાસવામાં આવેલા હતા.

આ કામે રજુ થયેલ લેખિત તથા મૌખીક પુરાવા તથા આરોપી તરફે સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદી ની દલીલોને ધ્યાને લઈ આ કામના આરોપીઓને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરેલ છે. આ કેસમાં આરોપી તર્ફે અમરેલીના સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદી તથા રાજુલા ના એડવોકેટ કિર્તી પરમાર રોકાયેલ હતા.

---

### મીડિયામાં અહેવાલ પ્રસિધ્ધ થયા બાદ પણ

## વડિયા સબ રજીસ્ટ્રાર કચેરીમાં લાલિયાવાડીનો માહોલ દૂર થતો નથી

### સરકારી કર્મચારીઓને હવે કોઈનો ડર નથી

વડિયા તા. ૯

વડિયામાં આવેલી સબ રજીસ્ટ્રાર કચેરી અનેક વિવાદોથી ઘેરાયેલી જોવા મળી રહી છે. હજુ ગઈ કાલે સબ રજીસ્ટ્રાર અધિકારી નિયત સમયથી મોડા આવતા લોકોની હાલાકી બાબતે મીડિયામાં અહેવાલ પ્રસિદ્ધ થયા હતા અને તેના બીજા જ દિવસે આ જાડી ચામડીના કર્મચારીઓ 'હમ તો નહિ સુધરેંગે' ના સૂત્રને સાર્થક કરતા હોય તેમ બીજા દિવસે ૧૧:૪૫ કલાકે ઓફિસ ખોલતા સ્થાનિક લોકોએ તેમને ઘડિયાળ સાથેનો સમય વંચાવતા તેમને કોર્ટ કામે ગયાનું બહાનું બતાવ્યુ હતુ. વાસ્તવમાં વડિયા એક તાલુકા મથકનુ પ્લેસ છે તેની મોટાભાગની કચેરીઓ અહિ આવેલી છે. પરંતુ ગ્રામીણ તાલુકા મથક અને માળખાકીય સુવિધાઓના અપૂરતા વિકાસના કારણે એ સરકારી કર્મચારી માટે સજાના કેન્દ્ર સમાન બની ચૂકયું છે તેને કારણે અનેક ઓફિસો વારંવાર ચાર્જમાં ચાલતી જોવા મળે છે. તેમાં પણ વડિયાની આ સબ રજીસ્ટ્રાર ઓફિસ તો એક અનોખી રીતે ચાર્જમાં ચાલતી હોય તેવી બાબત સામે આવી છે. આ ઓફિસમાં સબ રજીસ્ટ્રાર અને કમ્પ્યુટર ઓપરેટર બંને ચાર્જ માં છે ફકત એક એજન્સી આધારિત ફાળવેલ ખાનગી પટ્ટાવાળાના ભરોશે આખી ઓફિસ ચાલે છે. ત્યારે કાયમી



તસ્વીર : જીતેશગીરી ગોસાઈ–વડિયા

સબરજીસ્ટ્રાર અને કમ્પ્યુટર ઓપરેટર નિમણૂક કરવામાં આવે તેવી લોક માંગણી જોવા મળી રહી છે સાથે આ પેધી ગયેલા કર્મચારીઓ પોતાની અનુકૂળતા મુજબ ઓફિસ ટાઈમ ગોઠવી આવતા હોવાથી લોકો બે હાલાકી બાબતે આવા અધિકારીઓ સામે કાર્યવાહી કરવાની પણ માંગણી ઉઠતી જોવા મળી રહી છે. હવે જોવાનું એ રહ્યું કે અનુકૂળતા મુજબ એક ખાનગી પટ્ટાવાળાના ભરોશે ચાલતી આ વડિયા સબ રજીસ્ટ્રાર ઓફિસનુ તંત્ર સુધરે છે કે પછી'હમ તો નહિ જ સુધરેંગે, હમ કિસીકી સુનને વાલે નહિ હે'નુ નવુ સૂત્ર સાર્થક થશે તે તો આવનારો સમય જ બતાવશે.

---

### લાયન્સ કલબ ઓફ અમરેલીનાં પદાધિકારીઓએ સારહિ પેથોલોજી લેબોરેટરીની મુલાકાત લીધી



અમરેલી, તા. ૯

અમરેલી શહેરમાં સેવાનું સરનામું એટલે સારહી યુથ કલબ અને તેના દ્વારા થતી વિવિધ સેવાકીય પ્રવૃતિઓ અને આ પ્રવૃત્તિઓમાની યશ કલગી સમાન પ્રવૃત્તિ એટલે મુકેશભાઈ સંઘાણીના માર્ગદર્શનથી ચાલતી રાહત દરે પેથોલોજી લેબોરેટરી આ લેબોરેટરીની સ્થાપના બે– વર્ષ પુરા થયા અને ૫૦ રૂપિયાથી લઈને હજારો રૂપિયામાં થતા લેબોરેટરી ટેસ્ટ અહી ૫૦% જેટલા રાહતદરે કરવામાં આવે છે જે અમરેલીમાં દાખલ જરૂરિયાત મંદ દર્દીઓ માટે આશીર્વાદ સમાનછે. આ લેબોરેટરીમાં આજ દિન સુધીમાં અંદાજીત ૧૨૦૦ જેટલા દર્દીઓ એ લાભ લીધો છે.અને તેને લાખો રૂપિયાનો આર્થિક ફાયદો કરાવવાનું ઉતમ કાર્ય મુકેશભાઈ સંઘાણી અને તેની સંસ્થા દ્વારા કરવામાં આવે છે તે જાણી ખુબજ ગૌરવની લાગણી થઈ તથા આજ સંસ્થા દ્વારા મેડીકલના સાધનો જેવાકે પલંગ, વોટરબેડ, વિહલચેર, વોર્કીંગસ્ટીક વગેરે જેવા સાધનો દર્દીઓને ઘરે વાપરવા માટે વિનામૂલ્યે આપવામાં આવે છે. તે જાણીને પણ આનંદ થયો લોકો સેવાની આ સરવાણી કાયમી વહેતી રહે તેવી શુભકામના સાથે લાયન્સ ક્લબ ઓફ અમરેલી રોયલના સેક્રેટરી લા.ધર્મેશ વિસાવળીયા, ખજાનચી લા. વિજય વસાણી તેમજ સભ્યો લા.રાકેશ નાકરાણી, લા.સંજય ભેસાણીયા, લા.હિતેશ બાબરીયા, લા.સંજય જી.રામાણી, લા.દિપક ધાનાણી ઉપસ્થિત રહ્યા હતા.

# વાર્તા–વૈભવ

## ટિકિટ (વાર્તા)

**– ધર્મેન્દ્ર ત્રિવેદી**

(ગયા અંકનું ચાલુ)

સરકારી મકાનની વંડીને છાંયે અધબીડેલી આંખે એક લયમાં વાગોળી રહેલી ગાયને જોઈને તેને થયું.'હું જો ગાય હોત ને તો, કાલે ખાધેલું વાગોળીને રાત પાડી દેત !' એટલામાં એને યાદ આવ્યું, બાપા ઘણીવાર વડીયા રેલવે સ્ટેશનેથી સાંજે પાંચની ટ્રેનમાં કુંકાવાવ સુધી આવે,અને ત્યાં સ્ટેશનની બહારથી જ અમરેલીની છેલ્લી બસ પકડીને ઘરે આવતા.કુંકાવાવથી અમરેલીની એક ટિકિટના ત્રણ રૂપિયા છે એવું બાપા કહેતાં એ તેને યાદ આવી ગયું. તેના દિમાગના ચક્રો ગતિમાન થઈ ગયાં,

આયાંથી લોકલ છેક રાતે નવ વાગે છે,તો રાતે પોગતા બવ મોડું થઈ જાય. એના કરતાં વડીયા રેલવે સ્ટેશન સુધી હાલીને વયો જાવ અને પાંચની ટ્રેનમાં બાપાનું નામ દઈને બેહી જાવ,તો ટિકિટ લેવી નો પડે અને અડધી કલાકમાં તો કુંકાવાવય આવી જાય.ને ન્યાથી ટિકિટ થાશે ખાલી તઈણ રૂપિયા.ઘેર વેલા પુગાય તો ખાવા ભેગાય થવાશે.એણે ફરી ચા વાળાને પૂછયું કે 'રેલવે સ્ટેશન કેટલું આઘું છે આયાંથી,ને કયા રોડેથી પુગાય ? ચા વાળાએ રસ્તો દેખાડયો એટલે અંતર જાણવાની રાહ જોયા વગર તે ઝપાટાભેર રેલવે સ્ટેશન તરફ ઉપડયો.ગામ પત્યું,સીમ શરૂ થઈ,નાના રોડ પર વૃક્ષોના છાંયે છાંયે તે રેલવેસ્ટેશન પહોંચી ગયો. હવે તો માત્ર ટ્રેન આવે તેની જ રાહ હતી.

વડીયાથી કુંકાવાવ સુધીના રસ્તે તે ટ્રેનના દરવાજે જ ઊભો રહ્યો અને કુતૂહલપૂર્વક ખેતરો,સીમમાંથી પરત જતાં ખેડૂતો અને ઢોરઢાંખરને જોતો રહ્યો. દૂર દૂરથી કુંકાવાવ આવતું દેખાયું,અને તેની આંખમાં ચમક આવી ગઈ.ટ્રેન ઊભી રહી એટલે તે ઉતરીને સાહેજવાર ઊભો રહ્યો. રેલવે સ્ટેશનની બહાર પડેલી બસ દેખાઈ એટલે તેણે હાશકારો અનુભવ્યો. પાછળથી એક અવાજ એના કાને પડયો ....એ ચાઅઆઆય,કાળાપટ્ટાની મસ્સાલેદાર ચાય.'ટી – સ્ટોલ પર ઉકળી રહેલી ચાયના તપેલા,તેમાંથી ઊઠી રહેલી વરાળની આરપાર તે જોઈ રહ્યો.ઉકળતી ચાની સુવાસે ધરબી દીધેલી ભૂખને ફરી જાગૃત કરી અને તેના પેટમાં પોઢી ગયેલા રાક્ષસો ફરી આળસ મરડીને બેઠા થયા અને ખાવાનું માંગવા લાગ્યા.તેણે ખિસ્સામાંથી ચાર રૂપિયા કાઢયા અને મનોમન હિસાબ કર્યો,

ઘેર પહોંચતા કલાક થશે જ, ટિકિટના ત્રણ જ છે,તો એક વધ્યો એમાંથી ચા પી લવ તો ?

તેના મનમાં ફરી ગડમથલ ચાલી,પરંતુ નજીક આવી ગયેલા ઘર અને રેલવે સ્ટેશનની પાછળ પડેલી લોકલ બસની હૂંફના સહારે તેની ભૂખ જીતી ગઈ. એ ધીમે પગલે સ્ટોલ પર જઈ ઊભો અને ચા વાળાને પૂછયું,

આખી કેટલાની ?

આખીનો રૂપિયો થાય, કાઢું ?'

તેણે જોરથી માથું ધુણાવીને હા પાડી અને એક હાથે ચા ભરેલા કપરકાબી લીધા અને બીજા હાથે બેની એક નોટ આપી. સ્ટોલ વાળાએ તેને એક રૂપિયાની નોટ પરત આપી.તેણે કાળજીપૂર્વક એકની નોટને ખિસ્સામાં પડેલી બેની નોટ વચ્ચે મૂકી,અને કપમાંથી ચા રકાબીમાં રેડીને ગરમા – ગરમ ચાનો એક ઘૂંટડો ભર્યો. ઘૂંટડાને તેણે હોઠથી અંદર લઈને આખા મોંમાં ગોળગોળ ફેરવ્યો.કડક મીઠી ચાનો સ્વાદ તેના અણુએ અણુમાં ફરી વળ્યો, કુંડલિનીથી લઈને બ્રહ્મરંધ્ર સુધી તેને સાતે કોઠે દીવા થયા. વામન સ્વરૂપે વિષ્ણુ ભગવાને જેમ એક,બે અને ત્રણ ડગલામાં પૃથ્વીને વ્યાપી લીધી હતી, એ જ રીતે તેણે એક બે અને ત્રણ ઘૂંટાડામાં આખી ચા વ્યાપી લીધી. તેના વ્યાકુળ મન અને શરીર પર ધીમે ધીમે શાંતિની ઠંડક ઉતારી આવી.

રેલવે સ્ટેશનના ગેટ પર જવાબો આપવા ન પડે તે માટે લાકડાની ફેન્સિંગમાં પડેલા છીંડામાંથી બહાર આવ્યો અને ઘરે લઈ જવા તેની રાહ જોઈ રહેલી બસને જોઈ રહ્યો.ઓસરી રહેલા અજવાસમાં તેને પોતાના ગામનું નામ વંચાયું.જંગમાં વિજયી થયેલા રાજાની અદાથી એણે આજુબાજુ નજર ફેરવી.ફરી બસના પાટિયા તરફ જોયું તો એ ચોંકી ઉઠયો,

'એની માને પાટિયું લાલ કાં છે ?'એની છાતીના ધબકારા વધી ગયા.દોડીને બસની સામે સાવ નજીક જઈને તેણે ધારી ધારીને પાટિયું જોયું,પણ પાટિયું કાળા અક્ષરે જ લખાયેલું હતું.એ એકલો એકલો હસી પડયો...'જો આ બસ લાલ પાટિયા વાળી હોતને તો સાલું મારૂ પાટિયું બેહી જાત હોં...'

બસમાં ચડીને તેણે આજુ બાજુ નજર નાખી.છૂટાછવાયા ત્રણ ચાર પેસેન્જર અલગ અલગ બેઠેલા.વિજય હવે હાથવેંતમાં હતો અને માએ પીરસેલી થાળી પણ. તેની અને ગરમા ગરમ ભોજન વચ્ચે બસ હવે એક 'ત્રણવાળી અમરેલીની ટિકિટ'જ ઊભી હતી. કંડકટર આવે અને ટકટક... ટકટક.... એક ઉજળા, દોઢ હનમાનપરા અને.... પોતાની એક આખી અમરેલી. ખબર નહીં કેમ પણ તેના મનમાં કંઈક અજીબ ચચરાટી ઉપડી, ઉચાટ વધવા લાગ્યો.વિજયના તીવ્ર અહેસાસની સામે એક કાળો ઓછાયો આડો આવી ગયો હોય તેમ એને લાગ્યું. 'ટિકિટના ત્રણ જ થાશે ને ? બાપાએ કીધું'તું કે કુંકાવાયથી અમરેલીની ટિકીટ તઈણની થાય, પણ ઈ વાતને'ય વખત થયો હો.... વધી તો નહીં ગઈ હોય ને ? જીંદગી હારી જવાની ક્ષણ સમે આવી ઊભી હોય એવી લાગણી તેને ફરીથી થઈ આવી.એને થયું,

ખાલી બે,બે રૂપિયા નહી માંગવાની જિદ્દ સાટું થઈને આખો દિ ભૂખ્યા પેટે કાઢયો,ઓલો હરામખોર કંદોઈ પણ સાલો કેવો મારી સામે જોઈ જોઈને ગાંઠિયા વણતો'તો ? તોય મચક નો'તી આપી, અને હવે ફરી રૂપિયા બે રૂપિયા હાટુ કગરવાનું ? આ ઠોકીની ચા નો પીધી હોત તો શું બગડી જાતુ'તું ? એને લાગ્યું કે પોતે પોતાની જ અંદર ડૂબી રહ્યો છે.તેણે બસની બહાર નજર નાંખી, તો કન્ડકટર અને ડ્રાઈવર બીડીઓ ફૂંકતા ફૂંકતા ઊભા હતા. ડ્રાઈવરે તેની સામે જોયું પછી કંડકટરને કંઈક કહ્યું,અને પછી બંનેએ એક સાથે તેની સામે જોયું અને ફરી વાતોમાં લાગી ગયા. એને ખાતરી થઈ ગઈ કે પોતાની જ વાતો થઈ રહી છે. તેની અંદર જાણે તેલમાં ભરેલો તાવડો ધગધગવા માંડયો,પહેલાં ધીમે ધીમે અને પછી ઝડપભેર અંદરને અંદર કશુંક ઉકળવા માંડયું. એક વિસ્ફોટ થયો અને તેની આંખો ફરી ગઈ.પોતાની સીટ પરથી ઊભો થયો અને બસમાંથી ઝડપભેર નીચે ઉતર્યો.સામસામે વાતો કરી રહેલા ડ્રાઈવર અને કન્ડકટરની સામે જઈને ઊભો રહ્યો. થોડીવાર ડ્રાઈવર સામે અને પછી કન્ડકટર સામે જોઈ રહ્યો. એ બંને મૂંઝવણથી એકબીજા સામે જોઈ રહ્યા. ખિસ્સામાંથી ત્રણ રૂપિયા કાઢીને કન્ડકટરના મોં સામે જોરજોરથી ફરકાવીને તે આક્રોશથી બોલ્યો,


તને એમ છે કે હું રૂપિયા બે રૂપિયા સાટું તને કગરીશ એમ ? જો આ રહ્યા તઈણ, તું ને તારી બસ,બેય જાવ માઈ ! હું હાલતો હાલતો ઘેર વયો જાઈશ પણ તારી સામે હાથ લાંબો કરવા કરતાં મરી જાઈશ. એટલું કહીને કન્ડકટર અને ડ્રાઈવર કંઈ કહે તે પહેલાં જ તે ઘર તરફના રસ્તા પર દોડવા માંડયો.વધતાં જતા અંધકારમાં તે દેખાતો બંધ થઈ ગયો પરંતુ તેના છેલ્લા શબ્દો મરી જાઈશ, પણ હાથ લાંબો નહીં કરૂં . હવામાં પડઘાતા રહ્યા. **(ક્રમશઃ)**

**વાર્તાકાર મિત્રોને પોતાની ટૂંકી વાર્તા, ટૂંકો પરિચય તથા પાસપોર્ટ ફોટા સંપાદકને મોકલી આપે તેવી વિનંતી – સંપાદક : રવજીભાઇ કાચા.**




## સમર્થ વ્યામ મંદિર

વડોદરા રાજયનાં મહારાજા શ્રીમંત સયાજીરાવ ગાયકવાડને કસરતનો શોખ હોઈ વડોદરા રાજયમાં શારીરિક કેળવણી દાખલ કરેલી. તેમનાં વ્યાયામપ્રેમને લીધે વડોદરા રાજયમાં અનેક ગામોમાં વ્યાયામમંદિર – અખાડા શરૂ થયા હતા.અમરેલીમાં વરસડા રોડ ઉપરથી સમર્થ વ્યાયામ મંદિર– અખાડો આવેલો છે. આ વ્યાયામ મંદિરની સ્થાપનાને ૮૦ વર્ષ થયા આવ્યા છે.સ્વા.વૃજલાલ દુર્લભદાસ કાણકીયાએ અપાવેલી જમીન ઉપર તા.૨૯/૧૧/૧૯૩૧ના રોજ દરબારશ્રી ગોપાલદાસ દેસાઈ તથા ભકિતબાની હાજરીમાં મોરારજીભાઈ દેસાઈનાં હસ્તે સમર્થ વ્યાયામ મંદિરનાં મકાનનો પાયો નાખવામાં આવ્યો હતો. મકાનની ઉદઘાટન વિધિ તા.૩૦ મી જાન્યુઆરી ૧૯૩૩ના રોજ આજીવન બ્રહ્મચારી રાજરત્ન પ્રો.માણેકરાવજીના હસ્તે કરવામાં આવી હતી. યુવાનોને શારીરિક રીતે સશકત બનાવવા, વ્યાયામની પ્રવૃતિને વેગ આપવાનાં હેતુથી સ્થપાયેલા આ વ્યાયામા મંદિરનાં પાયાનાં કાર્યકરોમાં જગજીવનદાસ નારાયણ મહેતા. ડો.જીવરાજભાઈ મહેતા, ખુશાલદાસ કુરજી પારેખ, રામજીભાઈ હંસરાજ કામાણી, પ્રતાપરાય ગિરધરલાલ મહેતા, મોહનલાલ વીરજીભાઈ પટેલ, ડો.જેઠાલાલ વનમાળીદાસ વોરા, ભગવાનભાઈ લવજીભાઈ મહેતા વગેરેનો સમાવેશ થાય છે.




**ભાતીગળ સૌરાષ્ટ્ર**

## સરદાર ઉધમસિંહ

**જન્મ : ૩૦ જુલાઈ, ૧૮૮૨**
**વીરગતિ : ૨૧ નવેમ્બર, ૧૯૦૮**

સત્યેન્દ્રનાથ બોઝનો જન્મ ૩૦ જુલાઈ, ૧૮૮૨ના રોજ કલકત્તામાં થયો હતો. બંગાળના વતની આ ક્રાંતિકારી ત્યાંની અનુશીલન સમિતિના સભ્ય હતા. અલીપુર બોમ્બકાંડને કારણે જે ચાલીસથી વધારે ક્રાંતિકારીઓની ધરપકડ કરવામાં આવેલી તેમાં તેઓ પણ હતા. તેમને જે જેલમાં પૂરવામાં આવેલા તેમાં તેમની સાથે ક્રાંતિકારી કનૈયાલાલ દત્ત અને નરેન્દ્ર ગોસ્વામી પણ હતા. પાછળથી નરેન્દ્ર ગોસ્વામીએ ગદ્દારી કરીને પોલીસને ન પકડાયેલા ક્રાંતિકારીઓનાં નામ સરનામાં આપી દીધેલાં. એક સમયનો ક્રાંતિકારી એટલી હદે ગદ્દારી કરે? તો પછી ક્રાંતિકારી બન્યો જ કેમ ? સત્યેન્દ્રનાથને અંગ્રેજ સરકાર કરતાં આ ગદ્દાર સાથીદાર વધારે ખટકી રહ્યો હતો. પોતાની સાથે હોત તો તેમણે એને ત્યાં જ પૂરો કરી દીધો હોત. પરંતુ પોલીસે એને સુરક્ષાવાળા યુરોપિયન વાર્ડમાં ખસેડી દીધો હતો. સત્યેન્દ્રનાથ યેન કેન પ્રકારે તેનો બદલો લેવા માગતા હોવાથી બીમાર હોવાનું નાટક કરી તેઓ જેલની હાસ્પિટલમાં દાખલ થઈ ગયા. તેમના સાથીદાર કનૈયાલાલ દત્ત તો તેમની પહેલાં જ જેલની હાસ્પિટલમાં દાખલ થઈ ગયા હતા. હાસ્પિટલમાંથી સત્યેન્દ્રનાથે નરેન્દ્રને યુરોપિયન વોર્ડમાં સમાચાર મોકલાવ્યા કે પોતાનું મન પણ ક્રાંતિકારી ગતિવિધિમાંથી ઊઠી ગયું છે અને પોતે માફી માગવા પણ તૈયાર છે. આ બાબતે તમારી મધ્યસ્થી ઈચ્છે છે. આ સમાચાર મળતાં જ નરેન્દ્ર ગોસ્વામી રાજી થતો તેમને મળવા દોડી આવ્યો. જેલના અધિકારીઓએ તેમની મુલાકાત ખુલ્લા વરંડામાં યોજવાની ફરજ પાડી હતી. તો પણ નરેન્દ્ર ગોસ્વામી ન બચી શકયો. એ ત્યાં આવ્યો તેની બીજી મિનિટે તેના શરીર પર ગોળી ધરબાઈ ગઈ, બચાવો બચાવો કરતો તે ઘાયલ અવસ્થામાં જ નાઠો. પરંતુ સત્યેન્દ્રનાથ અને કનૈયાલાલે તેનો પીછો કર્યો. નરેન્દ્ર ગોસ્વામીની મદદે અંગ્રેજ અધિકારી આવ્યો. પણ કનૈયાલાલ દત્તે પિસ્તોલની ગોળીથી એ અવરોધ દૂર કરી નાંખ્યો. તેમનો ખરો શિકાર તો નરેન્દ્ર ગોસ્વામી હતો. સત્યેન્દ્રનાથ તેના સુધી પહોંચે એ પહેલાં જ એ પણ કનૈયાલાલની ગોળીથી ભોંય ભેગો થઈ ગયો. નાસી છૂટવાને બદલે બંનેએ સામે ચાલીને ધરપકડ વહોરી લીધી. તેમના પર મુકદ્દમો ચલાવવામાં આવ્યો. જૂરીની બહુમતીએ સત્યેન્દ્રનાથને નિર્દોષ ગણાવ્યા. પરંતુ હાઈકોર્ટે તેમને ફાંસીની સજાને પાત્ર ઠરાવ્યા. ૨૧ નવેમ્બર, ૧૯૦૮ના રોજ અલીપુરની જેલમાં તેમને ફાંસી આપવામાં આવી. સાથીદાર કનૈયાલાલ દત્ત તો તેમનાથી દસ દિવસ પહેલાં આ માર્ગે સિધાવી ગયા હતા. કનૈયાલાલના અંતિમસંસ્કાર વખતે લોકોની મેદની ઊમટી પડેલી એટલે સત્યેન્દ્રનાથની વિધિ જેલની અંદર જ કરી નાંખવામાં આવી. પરિવારનાં સભ્યોની વિનંતી છતાં તેમનું શબ એ લોકોને સોંપવામાં ન આવ્યું.






## માતા–પિતા મોટા કે બાળકો ?

**શિશુવંદના**

**– ગિજુભાઈ ભરાડ**

મોટાભાગનાં માતાપિતા પોતાનાં બાળકને નાનું માને છે. એને કારણે ગમે ત્યારે પોતાનો હાથ ઉંચો કરી બેસે છે. પશ્વિમનાં દેશોનાં બાળમંદિરોમાં શિક્ષકોને ઉભા થઈ ને ભણાવવા પર પ્રતિબંધ છે. તેઓ ભાગ્યે જ પોતાની ઉંચાઈનો પોતાનાં વિદ્યાર્થીઓને અણસાર આવવા દે છે. બાળકને સમજવામાં પશ્વિમના દેશો આપણા કરતા જરાક આગળ છે. એક વર્ગખંડમાં ચાર કે પાંચ બાથરૂમ હોય છે. અને દરવાજા ખુલ્લા હોય છે. બાળક ગમે ત્યારે ત્યાં જઈ શકે છે. એની સેવામાં શિક્ષક સિવાયનાં પણ બહેનો હોય છે. બાળકની ઉંચાઈથી વધુ ઉંચાઈ ન દેખાવા માટે એના શિક્ષકો પ્રયત્નશીલ હોય છે.આથી બાળકને શિક્ષકનો ભય ઓછો લાગે છે અને પ્રેમ એના સુધી પહોંચે છે. જે માતાપિતા પોતાનાં બાળકને પોતાનાથી નાનું માને છે. તેમણે એટલું સમજવાનું છે કે બાળકનો જન્મ નહોતો થયો ત્યારે એ દંપતી સ્ત્રી અથવા પુરૂષ માત્ર હતા જે ક્ષણે બાળકનો જન્મ થાય છે તે ક્ષણે એક સ્ત્રીનો માતા તરીકે અને એક પુરૂષનો પિતા તરીકે જન્મ થાય છે. એટલે કે સ્ત્રીનાં માતૃત્વની અને પુરૂષોના પિતૃત્વની ઉંમર એના બાળકની ઉંમર જેટલી જ છે. માતા–પિતા અને બાળક એમાં કોઈ મોટું નથી કોઈ નાનું નથી.

## ગ્રહોની સહેલ

એક નામું પણ રળિયામણું ગામ હતું. આ ગામમાં સુરેશ, મહેશ અને રમેશ નામનાં ત્રણ મિત્રો રહેતા હતા. ત્રણેય પાકકા ભાઈબંધ હતા. શાળાએ પણ દરરોજ સાથે જ જાય. સુરેશ ભણવામાં બહુ હોશિયાર, જયારે મહેશ ભણવામાં મધ્યમ અને રમેશ તો માંડ માંડ પાસ થાય.

દરરોજ સાંજે એકાદ કલાક મહેશ અને રમેશ ક્રિકેટ રમવા જાય, પણ સુરેશ કયારેય તેમની સાથે રમવા ન આવે. તેનાં પપ્પા પણ કયારેય તેને રમવા જવા ન દે. સુરેશને રમવા બોલાવવા જાય ત્યારે તેના મિત્રોને સુરેશના પપ્પા કહેતા, 'અત્યારે ભણવાનો સમય છે. ખુબ ભણી લેવું જોઈએ. જો અત્યારે તમે રમતમાં ધ્યાન આપશો તો તમારી જિંદગી બરબાદ થઈ જશે. જીવનમાં તમે કંઈ બની નહિ શકો. મારે તો મારા સુરેશને એન્જિનિયર બનાવવો છે. તમારે તેને રમવા બોલાવવા આવવું જ નહી." આવી રોજની કેસેટ સાંભળીને હવે તો મહેશ અને રમેશ તેને બોલાવવા પણ જતા નથી.

સુરેશને પણ ઘણી વખત રવિવારે બહાર રમવા જવાની ઈચ્છા થતી. પણ રવિવારે પણ તેના પપ્પા નિયમમાં છુટછાટ આપતાં નહીં. જો કયારેક ઓછા માર્કસ આવે કે પહેલો નંબર ન આવે તો, તેની તેના પપ્પા ધુળ કાઢી નાખતા.

એક વખત નવમાં ધોરણમાં સુરેશનો બીજો નંબર આવ્યો, પહેલા નંબરના વિદ્યાર્થી માધવ કરતાં તેને ફકત બે ગુણ જ ઓછા હતા. છતાં પણ તે પછી તેને સામાજિક પ્રસંગમાં લઈ જવામાં આવતો નહિ. સુરેશે ધોરણ ૧૦માં અને ૧૨માં ખુબ જ મહેનત કરી. આ બે વર્ષ દરમિયાન તે દુનિયાથી સાવ અલિપ્ત રહયો. તેના સગા મામાનાં લગ્નમાં પણ તે સામેલ લઈ શકયો નહી. સમાજથી તેને પોતાની જાતને અલગ કરી નાખી.


બારમાં ધોરણમાં સારા માર્કસ આવતાં તેને ગમતા વિષય ઈલેકિટ્રકલ એન્જિનિયરિંગમાં એડમિશન મળી ગયું. પાંચ વર્ષને અંતે તે ડિગ્રી એન્જિનિયર પણ બની ગયો.

આ તરફ મહેશને દસમાં ધોરણમાં ૬૫ જેટલા ગુણ મળ્યા. તેણે કોમર્સની લાઈન પસંદ કરી. કોમર્સમાં ગ્રેજયુએટ થઈ તે પોતાનો સ્વતંત્ર ધંધો કરવા લાગ્યો. ધંધો પણ હળવે હળવે જામવા માંડયો.




ભણતો હતો ત્યારથી જ તે અગત્યનાં સામાજિક પ્રસંગો કયારેય ચુકયો ન હતો. બધા સાથે સહેલાઈથી હળીમળી જતો. ધાર્મિક, રાષ્ટ્રીય કે સામાજિક તહેવારોમાં પણ તે હોશે હોશે ભાગ લેતો. પોતાની શકિત અનુસાર તે ભણવામાં મહેનત કરતો અને ટકા પણ મેળવતો. કયારેય પોતે ઓછી મહેનત કરે છે. તેવું લાગતું નહિ. પોતે ડોકટર કે એન્જિનિયર બની શકે તેમ નથી તેનાથી તે વાકેફ હતો. કોમર્સ ગ્રેજયુએટથી પણ તેને આત્મસંતોષ હતો.

રમેશ ભણવામાં સાવ સાધારણ દસમાં ધોરણમાં પણ તે માંડ માંડ પાસ થયો. આગળ અભ્યાસ કરવાનું તેણે માંડી વાળ્યું. **(ક્રમશઃ)**



**બાલમિત્રો,**

તમે જે અભ્યાસ કરી રહયાં છો એ તમારા જ્ઞાનમાં વચિરો કરે છે. તમારી ઉમર સાથે અભ્યાસ આગળ વધતો જાય છે. જીવનમાં અભ્યાસ, ભણતર જરૂરી છે. કારણ કે એ જીવનને ધન–સપતિથી સભર કરે છે.

પણ એક ચીજ બધાં વિદ્યાર્થીઓ ભુલે છે. અભ્યાસકાળ તો દીઠ પણ ત્યાર પછી પણ એ ચીજથી દુર રહે છે. તમેને થશે કે એ વસ્તુ કઈ છે ? એ વસ્તુ છે ઈતર વાંચન, ભોજનમાં મીઠાઈ સંપુર્ણ ભોજન બનાવે છે. રસોઈને નમક સ્વાદિષ્ટ બનાવે છે. એમ ઈતરવંચન પણ જીવનને સમૃદ્ધ બનાવે છે. દુનિયાદારી શીખવે છે જીવન જીવવતાં શીખવે છે. જેટલું ઈતરવાંચન વધુ એટલી સમજ, બુદ્ધિની ક્ષમતા વધુ કહેવાય છે કે જીવનમાં આપણો કોઈ સાચો મિત્ર હોય તો તે પુસ્તક છે. ગમે ત્યારે તેને મળી શકાય. વાંચી શકાય, અનુભવી શકાય,

બાળમિત્રો, તમે પણ સમજદારી પુર્વક ઈતર વાંચન દ્વારા તારા જીવનને સમૃદ્ધ કરજો, તમારા ઘરમાં, શાળામાં જો પુસ્તિકો હોય તો વાંચજો, અથવા ગમતી લાયબ્રેરીમાંથી લાવજો, જે વાંચજો તમને વાંચવું જરૂર ગમશે.

### ૭ ફેબ્રુઆરી, ''ઈન્ટરનેટ સુરક્ષા દિવસ''

## ઈન્ટરનેટ, આશિર્વાદ કે અભિશાપ ?

વર્તમાન સમયમાં વિશ્વ આખું એક ગામડું બન્યું છે ત્યારે આ પાછળ ઈન્ટરનેટની વધુ પડતી પ્રસિદ્ધિ અને ઉપયોગીતા જવાબદાર છે તેવું ચોક્કસપણે કહી શકાય. એક રીતે જોઈએ તો ઈન્ટરનેટ ખુબ જ ઉપયોગી સાબિત થયું છે. આજે વિશ્વનાં કોઈ એક ખૂણામાં રહેતો માણસ ઈન્ટરનેટ થકી પ્રસિદ્ધિ પામી શકે છે તો બીજી તરફ લોકોનાં ધંધા રોજગાર પણ ઈન્ટરનેટ થકી વધ્યા છે, વળી આમાં દેશ આર્થિક વૃદ્ધિ પામે એ તો ખરું જ પરંતુ શું આ ઈન્ટરનેટ લોકો માટે, સમાજ માટે ખરેખર સુરક્ષિત છે ખરું ? પ્રાઈવસી પોલીસીથી લઈને ઓટીટી પ્લેટફોર્મમાં પ્રસારિત થતું કન્ટેન્ટ, અવારનવાર થતા સાઈબર ક્રાઈમ્સ શું એ જ સુરક્ષિત ઈન્ટરનેટનું પરિમાણ છે ? વર્તમાન સમયમાં જયારે આર્ટીફીશિયલ ઈન્ટેલીજન્સ આવ્યું છે ત્યારે માનવનાં અસ્તિત્વ પર જ સવાલ ઉઠયો છે. હજુ બેરોજગારીનાં પ્રશ્નો ઉકેલાયા નથી ત્યાં આ પ્રકારે આર્ટીફીશિયલ ઈન્ટેલીજન્સનાં ઉપયોગથી વધુ લોકોની રોજગારી છીનવાય એવું પણ બને. ખાસ કરીને ઓટીટી પ્લેટફોર્મ પર પ્રસારિત થતાં કાર્યક્રમ પર નિયમન આવ્યું હોવા છતાં હજુ ગંદી ગાળો, અશ્લીલતા અને વ્યભિચાર, માંસ મટન આરોગતા દ્રશ્યો, સુરૂચિ ભંગ થાય તેવા દ્રશ્યો, સનાતન સંસ્કૃતિ વિઢદ્ધના દ્રશ્યો વગેરે ઘણું બધું સતત દર્શાવવાંમાં આવે છે. અમુક કાર્યક્રમો માતા–પુત્ર, સસરા–વહુ, દિયર–ભાભી, શિક્ષક–વિદ્યાર્થીનાં પવિત્ર સંબંધને વ્યભિચારનાં સ્વરૂપે દર્શાવે છે, જે ભારતીય સંસ્કૃતિની વિરૂદ્ધ છે. આ ઉપરાંત આવા કાર્યક્રમને જોવાથી વ્યકિતનાં માનસ પર વિકૃત અસર થાય છે. ઓટીટી પર પ્રસારિત થતાં કાર્યક્રમની નવી ગાઈડલાઈનમાં ગંદી ગાળો અને અશ્લીલતાઓને શબ્દશઃ મંજૂરી આપવામાં આવી છે, જે ચિંતાનો વિષય છે. ઓટીટીનાં કારણોસર દેશમાં હિંસા, વ્યભિચાર, નારી હિંસા, ઘરેલુ હિંસા, યૌન શોષણ, તલાક જેવા કિસ્સાઓમાં વધારો થયો છે. જયાં નારીને પૂજવાની વાત કરવામાં આવે છે ત્યાં વ્યભિચાર દર્શાવીને તેનું ઓટીટી દ્વારા અપમાન કરવામાં આવે છે. બાળકોનાં માનસ પર ખરાબ અસર પડે છે. શ્રેષ્ઠ અને સ્વસ્થ સમાજનું સર્જન કરવા માટે ઈન્ટરનેટ સુરક્ષાનાં જે અધિનિયમો છે તેને પાળવું જરૂરી છે અને આવા સંચાર માધ્યમોનો બની શકે તેમ વધુમાં વધુ હકારાત્મકરીતે ઉપયોગ કરવો જોઈએ.



– ઈન્ટરનેટ, ગ્રેટ કનેક્ટ બટ હાઉ મચ ડિફેક્ટ !
– ઈન્ટરનેટ, આશિર્વાદ કે અભિશાપ ?

**– મિત્તલ ખેતાણી**
(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

# વિચાર શકિતનું તત્વજ્ઞાન

## વિચાર શકિત

(THOUGHT POWER)

લેખક : બ્રહ્મલીન શ્રી સ્વામી શિવાનંદ સરસ્વતી

**૫. સેવાને આધ્યાત્મિક પ્રગતિ માટે સંકલ્પશકિત**

જેવી રીતે દુન્યવી વાતચીત અને ગપ્પાં મારવામાં નકામી શકિત વેડફાઈ જાય છે, તેવી જ રીતે નકામા વિચારોમાં પણ શકિતનો દુરુપયોગ થાય છે.

માટે તમારે એકે નકામો સંકલ્પ કરવો ન જોઈએ. ખોટા સંકલ્પો કરવામાં તમારી શકિતનો જરા પણ ભાગ ગુમાવો નહિ.

બધી માનસિક શકિતને જાળવી રાખો. તેને ઈશ્વરના ધ્યાન, બ્રહ્મચિંતનને બ્રહ્મવિચારનાં ઉચ્ચ આધ્યાત્મિક કાર્યમાં વાળો. બધી સંકલ્પશકિતને સાચવી રાખી તેનો ધ્યાન અને મનુષ્યજાતિને આવશ્યક સેવાકાર્યમાં ઉપયોગ કરો.

તમારા મનમાંથી બધા બિનઉપયોગી, નકામા ને દુષ્ટ વિચારોને હાંકી કાઢો. નકામા વિચારો તમારી આધ્યાત્મિક પ્રગતિને આડે આવે છે. તે તમારા આત્માના વિકાસની આડે પડેલા પથ્થર સમાન છે.

જયારે તમારા મનમાં નકામા વિચારો ચાલતા હોય ત્યારે તમે તેટલા ઈશ્વરથી દૂર છો. માટે ઈશ્વર સંબંધી સંકલ્પોને જ મનમાં સ્થાન આપો. જે સંકલ્પો તમને મદદગાર કે ઉપયોગી થઈ શકે તેમ હોય તેવાને જ આવકારો.

ઉપયોગી સંકલ્પો આધ્યાત્મિક વિકાસ અને પ્રગતિને માર્ગે આગળ વધવા માટે સીડીરૂપ છે. મનને જુને ચીલે ચાલવા દો નહિ, નહિતર તે પોતાની જૂની ટેવો કદી છોડશે નહિ, હંમેશા ડગલેને પગલે સાવધાન રહો.

**૬. શુભસંકલ્પો દ્વારા દુનિયાને સહાય કરો**

સમાન ગુણશીલવાળા પરસ્પર એકબીજાને આકર્ષે છે. જો તમે ખરાબ વિચારને સેવશો, તો તે વિચાર બીજા બધા પ્રકારનાં ખરાબ સંકલ્પોને આકર્ષશે. તમારી પાસેથી બીજાઓને પણ તે સંકલ્પો તમે આપો છો.

સંકલ્પ એ ગતિશીલ વસ્તુ છે. તે જીવતી જાગતી વિદ્યુતશકિત છે. સંકલ્પ પોતે જ એક વસ્તુ છે. તમે તમારા મનને એક ભવ્ય સંકલ્પના ચિંતનમાં રોકશો તો આ સંકલ્પ બીજાઓના શુભ સંકલ્પોને પણ તમારી પ્રત્યે આકર્ષશે. ઉપરાંત, તમે તે શુભ સંકલ્પ બીજાને આપી શકશો.

તમારા અશુભ સંકલ્પોથી તમે દુનિયાને બગાડો છો, અને તમારા શુભ સંકલ્પોથી તમે દુનિયાને મદદ કરો છો.

**૭. સંકલ્પસિદ્ધિ દ્વારા નવસંસ્કૃતિનું નિર્માણ**

સંકલ્પ મનુષ્યને ઘડે છે. સંકલ્પ જ સંસ્કૃતિને સર્જે છે. જીવનનાં પ્રત્યે મહાન બનાવવની પાછળ શકિતશાળી સંકલ્પબળ રહેલું હોય છે, અને દુનિયાના ઈતિહાસના દરેક મહાન બનાવનું પણ તે જ કારણ છે.

દુનિયાની બધી શોધખોળો, દરેક ધર્મ અને તત્વજ્ઞાન, દરેક જીવનરક્ષણ અને જીવનઘાતક પ્રવૃત્તિની પાછળ સંકલ્પ જ હોય છે.

સંકલ્પ વાણી દ્વારા બહાર બતાવી શકાય છે અને કર્મ દ્વારા જીવનમાં ઉતારી શકાય છે. શબ્દ એ સંકલ્પને મદદ કરનાર સેવક જેવો છે અને કર્મ એ તેનું છેવટનું પરિણામ છે. માટે જ "જેવા તમે સંકલ્પ કરશો, તેવા જ તમે બનશો." આ કહેવત પ્રચલિત બની છે.

નવી સંસ્કૃતિનું નિર્માણ કેવી રીતે કરવું ?લ્નવી સંકલ્પશકિત ઉત્પન્ન કરીને.

મનુષ્યજાતિને શાંતિ આપે, સમાજને સમૃદ્ધ બનાવે, અને મનુષ્યને મુકિતને માર્ગે લઈ જાય એવી સંસ્કૃતિ કેવી રીતે ઉત્પન્ન થઈ શકે ? આ માટે એવું સંકલ્પબળ ઉત્પન્ન કરવું પડશે કે જેના પરિણામે દરેક મનુષ્ય માનસિક શાંતિ અનુભવે, હૃદયમાં દયા આદિ દિવ્ય સદ્ગુણોને ધારણ કરી શકે, પોતાના જાતિભાઈઓની સેવા કરે અને ઈશ્વરને ચાહી છેવટે તેનો સાક્ષાત્કાર કરી શકે.

નિરૂપયોગી કામધંધા અને વિનાશક પ્રવૃત્તિઓની પાછળ જે દ્રવ્ય અને કાળનો દુર્વ્યય કરવામાં આવે છે તેનો અમુક અંશ પણ જો શુભ સંકલ્પ પાછળ ખરચવામાં આવે તો અત્યારે જ નવસંસ્કૃતિનું નિર્માણ થાય.

અણુબોમ્બ અને હાઈડ્રોજન બોમ્બ અને તે જ પ્રકારની બીજી શોધખોળો મનુષ્યને ચોક્કસ તેના નાશ પાસે ધકેલી રહી છે.

તે તમારા પૈસાનો દુર્વ્યય કરે છે, તમારા પાડોશીઓનો નાશ કરે છે, આખી દુનિયાના વાતાવરણને કલુષિત કરે છે અને તમારા હૃદયમાં ભય, તિરસ્કાર ને શંકાને ઉત્પન્ન કરે છે. પરિણામે તમારું મન સમતુલા ગુમાવી બેસે છે અને રોગને વશ થાય છે. મનના વલણને અટકવો.

આધ્યાત્મિક માર્ગે શોધખોળોને ઉત્તેજન આપો. તેવી જ રીતે ધર્મ તેમજ જીવનની બધી સારી વસ્તુઓને ટકાવી રાખવાનો પ્રયાસ કરો. તત્વવેત્તાઓને અને સંતોને માન આપો, કારણ કે તેઓ મનુષ્યજાતિના સાચા ઉધ્ધારકો છે. તેમને ધર્મના અભ્યાસમાં તેમ જ પ્રાચીન આધ્યાત્મિક સાહિત્યના સંશોધનમાં ઉત્તેજન આપો, કારણ કે લોકોના હિત માટે મહાન સંકલ્પશકિતનું તેઓ નિર્માણ કરે છે.

યુવાનોના મનને ભ્રષ્ટ કરનાર દરેક સાહિત્ય પર પ્રતિબંધ મૂકો. તેમનાં મનને તંદુરસ્ત વિચારોને આદર્શોવાળું સાહિત્ય પૂરું પાડો.

જે મનુષ્ય ખુન કરે, જે તમારા પૈસા ચોરે, જે તમને છેતરે તેને કાયદો શિક્ષા કરે છે. પણ દુષ્ટ બુદ્ધિવાળો મનુષ્ય યુવાનોનાં મનમાં દુષ્ટ સંકલ્પોને પ્રેરવાનું જે દુષ્કૃત્ય કરે છે, તેની સરખામણીમાં ઉપરના બધા ગુના ક્ષુદ્ર છે.

તે તો દુનિયા ઉપર જ અનેક ખૂન થયા છે તેનો પ્રેરક છે. તે જ્ઞાનરૂપી તમારી સર્વોત્ત્મ સંપતિને ચોરી લે છે. તે અમૃતને નામે તેમને ઝે ર આપીને છેતરે છે. નવી સંસ્કૃતિના કાયદાઓ આવા આસુરી જીવોને સખત શિક્ષા કરશે.

જ લોકો તત્વજ્ઞાન, ધર્મને અધ્યાત્મશાસ્ત્ર શીખવાની રુચિવાળા હોય તેમને નવી સંસ્કૃતિ દરેક પ્રકારની સગવડ આપશે, અને શાળાઓ તેમજ કોલેજોમાં આનો અભ્યાસ ફરીજયાત કરશે. તે તત્વજ્ઞાન અભ્યાસીઓને સ્કોલરશિપો આપશે. જેઓ ધર્મ અને તત્વજ્ઞાનમાં શોધખોળ કરે તેમને તે પારિતોષિકો અને ખિતાબો આપશે. મનુષ્યનાં હૃદયનાં અંતસ્થલમાં રહેલી આધ્યાત્મિક વૃત્તિને પૂરેપૂરી ખીલવી સાક્ષાત્કાર માટે પ્રયત્નશીલ બને તે માટે દરેક યોજનાને તેમા સ્થાન હશે.


આ નવસંસ્કૃતિનાં ફળ એટલાં મહાન અને મધુર છે કે તે મેળવવા માટે દરેક મનુષ્યે આ સંસ્કૃતિનાં નિર્માણમાં પોતાનો ફાળો આપવો જોઈએ. આ સંસ્કૃતિમાં દરેક મનુષ્ય ધાર્મિક જીવન જીવવાનો, પોતાના જાતિભાઈઓની સેવા કરવાનો અને પોતાની સંપત્તિ બીજાઓ સાથે ભોગવવાનો આતુરતાપૂર્વક પ્રયાસ કરશે. તે સર્વને ચાહશે, કારણ કે દરેકમાં હૃદયમાં પોતાના જ આત્મા રહેલો છે એનું તેને ભાન હશે. આથી તે બધા પ્રાણીઓના હિત માટે પ્રયાસ કરશે.

જેમાં બધા લોકો પોતાની માલિકીની વસ્તુઓ બીજાઓ સાથે મળીને ભોગવતા હોય અને દરેકની સેવા કરતા હોય તે સમાજ કેવો આદર્શ હોય ! જેમાં બધા માણસો સ્વેચ્છાપૂર્વક બીજાઓની સેવા કરવાને તૈયાર હોય તેમાં કર અને ટેકસની જરૂર કેવી જયારે લોકો સદ્ગુણમાં જ આસકત હોય ત્યારે પોલીસ અને લશ્કર શા કામનાં ?

માટે આ જ આદર્શ છે. આ આદર્શને સિદ્ધ કરવાને માટે જ દરેકે સંકલ્પબળ ઉત્પન્ન કરવાનો પ્રયાસ કરવો જોઈએ.

ઈશ્વરનાં આશીર્વાદ સર્વના પર ઉતરો !

# પૂ. ડોંગરેજી મહારાજની અમૃતવાણી



## શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય

૧. પતિપત્ની પવિત્ર જીવન ગાળે તો ભગવાનને ઈચ્છા થાય કે હું તેમને ત્યાં જન્મ લઉ.
૨. કામને એક સ્ત્રીમાં સંકુચિત કરી તેનો નાશ કરવા માટે લગ્ન કરવાનાં હોય છે.
૩. ભોગ વધે એટલે આયુષ્યનો ક્ષય થાય છે.
૪. પૂર્ણ સંયમ વિના જ્ઞાન આવે નહીં અને પરમાત્મા પ્રગટ થાય નહીં.
૫. સ્ત્રીનો ધર્મ છે કે રોજ તુલસી અને પાર્વતીની પૂજા કરે.
૬. મનુષ્ય અમર્યાદિત ભોગ ભોગવવા જાય તો રોગી બને છે.
૭. લગ્ન એટલે તન બે અને મન એક.
૮. કેવળ ઈશ્વર માટે જીવે તે સન્યાસી છે.
૯. વિલાસનાં ચિત્રો જોવાથી જીવન બહુ બગડે છે.
૧૦. જડ વસ્તુનાં આરંભમાં સુખ જેવું લાગે પણ પરિણામે તે સુખ વિષ જેવું છે. ઈદ્રિયોને સુખની તૃપ્તિ થતી નથી.

# જ્ઞાનમંજરી

## ભારતનાં મહત્વનાં સ્થળો

૧. ગ્રામ પંચાયતનાં વડાને શું કહે છે ?
– સરપંચ
૨. જીલ્લાનાં વહિવટી વડા કોણ ગણાય છે ?
– કલેકટર
૩. તાલુકાનાં વહિવટી વડા કોણ ગણાય છે ?
– મામલતદાર
૪. ખેલ સ્પર્ધા વિવાદનાં નિર્ણાયકને શું કહે છે ?
– અમ્પાયર
૫. પુસ્તકાલયનાં વહિવટી વડા કોણ ગણાય છે ?
– ગ્રંથપાલ
૬. યુનિવર્સિટીનાં વહીવટી વડા કોણ ગણાય છે ?
– રજીસ્ટ્રાર
૭. ભૂમિદળનાં સૌથી ઉચ્ચ અધિકારીને શું કહેવાય છે ?
– જનરલ
૮. નૌકાદળનાં સૌથી ઉચ્ચ અધિકારીને શું કહે છે ?
– એડમિરલ
૯. હવાઈદળનાં સૌથી ઉચ્ચ અધિકારીને શું કહે છે ?
– એર ચીફ માર્શલ
૧૦. વિધાનસભાનાં સભ્ય બનવા માટે ઓછામાં ઓછી કેટલી ઉંમર હોવી જોઈએ ?
– ૨૫ વર્ષ

# ઝળહળ ઝાકળ


લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

## પ્રકૃતિનો સાદ–'હવે તો પાછા વળો!'

પહાડની ટોચ પર ઉષાનાં તેજનો લખલખાટા માણવો, ભરબપ્પોરે ઘાટા જંગલમાં વૃક્ષ તળે ભોજન કરવું, સાંધ્ય સમય સાગર કાંઠે જળમાં વિલય પામતા સુર્યનાં રંગો પામવા, નદીનાં ગોઠણડૂબ પાણીમાં લાગણીઓ જેવી માછલીઓનો નિર્ભય વિહાર જોવો. આ વૈભવ પ્રકૃતિનાં ખોળે વસેલા નિવાસીઓનાં ભાગ્યમાં જ લખાયેલોાા હશે ને ?

શહેરી સંસ્કૃતિની બોલબાલા વચ્ચેય માણસમાંા પ્રકૃતિ પ્રત્યેનો અનુરાગ હજુ અકબંધ છે. ફરક એટલો જ કે એ હવે આવો વૈભવ પૈસા ખરચીને જ મેળવી શકે છે.

# માનવ શાકાહારી કે માંસાહારી



માનવનાં હાડકા અને તેની શરીર રચનાનું અધ્યયન એ સિદ કરે છે. માનવ પા્રણી અને શાકાહારી પ્રાણીમાં સામ્યતા તથા સામ્યતા તથા શાકાહારી પ્રાણી અને માંસાહારી પ્રાણીમાં અંતર માનવ માંસાહારી પ્રાણી નહિ પરંતુ શાકાહારી પ્રાણી છે એ સ્પષ્ટ કરે છે. શાકાહારી અને માંસાહારી પ્રાણીઓમાં નીચે મુજબ મુખ્ય અંતર છે.(૧) શાકાહારી પ્રાણીઓનાં આંતરડાની લંબાઈ કરતા ચાર ગણી વધારે હોય છે અને માંસાહારી પ્રાણીઓના આંતરડાની લંબાઈજેટલી હોય છે.

(૨) માંસાહારી પ્રાણીઓમાં દાંત (રાક્ષસી દાંત) મોટા અને ખૂબ તીક્ષ્ણ હોય છે માનવના દાંત નાના હોય છે. માનવીની લાળ આલ્કલાઈન છે. તેમાં ટાઈલિન નામનો રસ છે જે શર્કરાને પચાવવામાં મદદ કરે છે માંસાહારી પ્રાણીઓની લાળ એસીડીક છે.(૩) માનવ જઠરનો સ્ત્રાવ માંસ ભક્ષક પ્રાણીઓનાં જઠરનાં સ્ત્રાવ કરતો પા ભાગ જેટલો જ એસિડિક છે માંસાહારી પ્રાણીઓનાં જઠરનો સ્ત્રાવ અતિ એસિડિક છે,કારણ કે તેમને અતિ પ્રોટીનયુકત માંસનું પાચન કરવાનું હોય છે.(૪) માનવીનાં હાથનાં નખો કરતા ખૂબ જ નાના હોય છે. માંસાહારી પ્રાણીઓને માંસ ભક્ષણ માટે લાંબા અને અણીદાર નખોની જરૂર રહે છે.(૫) માનવીનાં યકૃતમાંથી ખૂબ જ ઓછા પ્રમાણમાં બાઈલનો સ્ત્રાવ ઝરે છે, પરંતુ માંસાહારી પ્રાણીઓને અતિ ચરબીયુકત માંસનુ પાચન કરવાની જરૂર હોવાને કારણે તેમનું યકૃત ખૂબ જ વધારે માત્રામાં બાઈનું નિર્માણ કરે છે.(૬) દરેક માંસાહારી પ્રાણી જીભથી પાણી પીવે છે. જયારે શાકાહારી હોઠથી પાણી પીવે છે. જેમ કે સિંહ માંસાહાર પ્રાણી છે. બાહય રૂપ શકિતશાળી હોવા છતાં તે જલ્દી થાકી જાય છે. તે ક્રોધી સ્વભાવનો હોય છે. હાથી શાકાહારી પ્રાણી છે પણ તે વધારે શકિતશાળી અને સહનશીલ હોય છે.

– મિત્તલ ખેતાણી
(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

# જીવનનો વ્યાપાર

## સ્વામી ત્યમિત્રાનંદગિરિજી

વ્યાપાર ધંધામાં જેટલો ખર્ચ કરવામાં આવે એટલી જ કમાણી કરવામાં આવે ત્યાં સુધી કશો નફો થતો નથી. ખર્ચ કરતા આવક વધે ત્યારે જ નફો દેખાય.

એમાંય વળી, કેવળ ખર્ચ જ થયા કરે ને આવકનું તો કશું ધ્યાન જ ન રખાય તો તો, ખોટનો ધંધો થાય ને દેવાળું કાઢવું પડે.


જીવનનાં વ્યાપારમાં પણ એવું જ છે. રોજે રોજ જાણ્યે – અજાણ્યે અનેક પાપ થતાં રહે છે ને એ પાપને નાબૂદ કરવા માટે સંધ્યા, પૂજા, પ્રાર્થના, ઉપાસનાં વગેરે નિત્યકર્મ કરવાનાં રહે છે. એટલે કે, આ નિત્યકર્મો વડે પુણ્યની પ્રાપ્તિ નથી થતી, પરંતુ જો એ ન કરવામાં આવે તો, કેવળ પાપની પ્રવૃતિ જ ચાલુ રહેતાં, પાપની વૃદ્ધિ જરૂરથી થાય છે.

એટલે જ માનવીએ પુણ્યની બચત વધે એવું કરવું હોય તો, જીવનમાં પાપની પ્રવૃતિ ઓછી થાય ને નિત્યકર્મ જેવી પુણ્યની કમાઈ માટેની પ્રવૃતિ વધુ થાય એ દિશામાં પ્રયત્નો કરવા જોઈએ.

આવી કાળજી રાખી શકાય તો જ જીવનનો વેપાર નફાનો ધંધો બની શકે.

**કલ્યાણના પાયામાં – ફાધર વાલેસ**

શરીર નુ સંચાલન અને જ્ઞાનકેન્દ્રોને માટે જાતજાતનાં જીવનદ્રવ્યો બનાવનાર ગ્રંથિઓ કરે છે.અને એ કેન્દ્રો ને ગ્રંથિઓ ઉપર મનની





સ્થિતિની અનેક રીતે અસરો પડે છે.બસક લાગી એટલે લોહી ખેંચાયું ને ચહેરો નિસ્તેજ થયો ને હાથ ધ્રુજવા માંડયા.શરમ લાગીને કાન લાલ ને ગરમ થયા.માઠા સમાચાર ઓચિંતા મળવાથી હૃદય બંધ પડી શકે,ને દતક બાળક લેવાથી વાંવણી સ્ત્રી માતા બની શકે એવા કિસ્સાઓ નોંધાયા છે.દેહ ઉપર મનની પણ આણ વર્તે જ છે.

હાથી સૌથી બળવાન ને મહાકાય પ્રાણી છે.પણ એના ઉપર ઠિંગણો મહાવત સવાર થઈ જાય તો એ ડંકો વગાડે એ પ્રમાણે હાથી ચાલે.છે ડંકાની ચોટથી હાથી ચાલે છે.અને મનની આજ્ઞાથી માણસનો દેહ ચાલે છે.સ્થુળ શારીરીક શકિત મનરૂપી નાનકડા મહાવતને જ આધીન છે.એ તેની પાસે કામ કરાવે તો તે ભગીરથ કાર્યો પણ હળવે સ્પર્શે કરશે.પરંતુ જો એ નાનકડું મન ભયભીત કે શંકાશીલ કે ખાલી આળસુ બનીને પોતાના રાજ હાથી ઉપરથી ઊતરી જાય અને એને છુટો કરી મુકે તો એ પાછો જંગલમાં જશે,મદમસ્ત બનશે,અને વિનાશક તોફાને ચડશે.

મનમાં કાબુ વિનાનું શરીર એ મહાવતના અંકુશ વિનાના હાથી જેવુ ભયંકર છે.મન પદભ્રષ્ટ એટલે દેહનો હાથી મદગ્રસ્ત.અને ઊલ્ટુ પણ : એ કુશળ મન પોતાની સાચી કલા અજમાવશે તો એ જડ હાથી કામ કરશે,અરે,નાચશે ને કુદશે ને એમાં પોતે જ આનંદ અનુભવશે.પોતાની અપાર શકિતનો યોગ્ય ઉપયોગ થતાં એને પોતાને એનો સંતોષ થશે.ને એ શકિતમાં વધારો પણ થશે.

હાથી બળવાન હોય તો વધારે ભાર ઉપાડી શકશે.પણ જે પ્રમાણમાં એ બળવાન થાય તે પ્રમાણમાં જો મહાવત જાગ્રત ન બને તો એ ધાર્યું કામ નહિ કરાવી શકે અને પોતે જોખમમાં આવી પડશે.એ મનની જાગૃતિ આજની આપણી તાકીદની ગરજ છે.જીવનમાં શાશ્વત મુલ્યો,ધર્મ અને ભકિત,શાંતિ ને ક્ષદ્ધા એ જ મનની સ્વસ્થતા,દેહની તંદુરસ્તી,માણસના કલ્યાણનો પાયો છે.પ્રેમ એ જીવનની ઉતમ દવા છે.


# ચિત્ર વાર્તા....



જીનલ નરેન્દ્રભાઈ ધો. ૭/બી


અહિં જીનલ નરેન્દ્રભાઈ ધો. ૭/બી (રૂપાયતન)એ એક ચિત્ર મોકલેલ છે. તેના પરથી સુંદર વાર્તા બનાવી લખી મોકલો તો બાલ એકસપ્રેસમાં છાપીએ...

# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો




# આ મારું ચિત્ર છે






પ્રિના ગૌરીબેન લાઠીયા, ધો.પ માં અભ્યાસ કરે છે. તેમજ સારા ચિત્રો દોરે છે. તેથી તેને અભિનંદન...



જાન્વી જયંતીભાઈ દાફડા
(ધોરણ–૬–અ–રૂપાયતન સ્કૂલ, અમરેલી)



કિંજલ નરેશભાઈ વાઘેલા, ધો.૭, પાણિયા પ્રા.શાળામાં અભ્યાસ કરે છે તેમજ સારા ચિત્રો દોરે છે તેથી તેને અભિનંદન...

# અમરેલીની જીજીબેન ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે પ્રિ–એકઝામની શરૂઆત



અમરેલીની શ્રીમતી જીજીબેન ફોરવર્ડ ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે ધોરણ ૧૦ તથા ૧૨ (આર્ટસ–કોમર્સ–સાયન્સ)ની બોર્ડની પધ્ધતિ મુજબ પ્રિ–એકઝામની શરૂઆત અમરેલી જિલ્લા શિક્ષણાધિકારી મનહરસિંહ ગોહિલે કરાવેલ છે. અમરેલી જિલ્લાની કન્યા કેળવણી ક્ષેત્રની જાણીતી સંસ્થામાં આજથી શાળાનાં પ્રિન્સીપાલ રોહિતભાઈ મહેતા તથા શાળાનાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગનાં તમામ વિષય શિક્ષકોનાં પ્રયત્નોથી આગામી ધો. ૧૦ તથા ૧૨ની બોર્ડની પરીક્ષાઓથી વિદ્યાર્થીની બહેનો પરિચિત થાય, પરીક્ષા અંગેનો ડર દુર થાય તેમજ સમગ્ર પરીક્ષા પધ્ધતિથી માહિતગાર થઈને આગામી બોર્ડની પરીક્ષાઓ નિર્ભયતાથી આપી શકે તે હેતુથી શાળામાં પ્રિ–એકઝામ બોર્ડની પરીક્ષા પધ્ધતિ મુજબ તમામ ઉમેદવારોને સિટ નંબર ફાળવીને આયોજન કરવામાં આવેલ. તે પ્રસંગે જિલ્લાના શિક્ષણાધિકારી ગોહિલ, શાળાના આચાર્ય તેમજ શાળા સુપરવાઈઝર અને તમા સ્ટાફે વિદ્યાર્થીની બહેનોનું કુમ–કુમ તિલક, પુષ્પ તથા ચોકલેટ આપીને પરીક્ષાની શરૂઆત કરાવેલ. આ પ્રસંગે જિલ્લા શિક્ષણાધિકારી ગોહિલે તમામ આગામી બોર્ડની પરીક્ષા આપનાર ધો. ૧૦ તથા ૧૨ની બહેનોને પરીક્ષાને ઉત્સવની જેમ વધાવી માર્ગદર્શન આપીને શુભેચ્છાઓ પાઠવેલ.

### સામાજિક કાર્યકર્તા કાંતિલાલ પરમારની માંગ

## અમરેલીનાં જશવંતગઢ ગામે ‘‘મનરેગા’’ યોજના હેઠળ રોજગારી પુરી પાડવા માંગ

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર પાઠવ્યો

અમરેલી, તા. ૯

જશવંતગઢમાં મનરેગા યોજના હેઠળ રોજગારી આપવા સામાજિક કાર્યકર્તા કાંતિલાલ પરમારે મુખ્યમંત્રીને પત્ર પાઠવીને માંગ કરી છે.

પત્રમાં જણાવેલ છે કે, જશવંતગઢ ગામ અમરેલી–રાજકોટ હાઈવે પર જીલ્લાનું વડું મથક અમરેલીથી ૧૮ કિલોમીટર દુર આવેલ છે. આ ગામે અનુસુચિત જાતિ, ઓબીસી અને અન્ય સમાજની વસ્તી છે. અમરેલી તાલુકામાં આવેલ જશવંતગઢ ગામની કુલ વસ્તી ૫૫૨૯ (૨૭૫૧ સ્ત્રી+૨૭૭૮ પુરૂષ)(૧૦૫૪ કુટુંબ) લોકોની વસ્તીમાં ૧૦૫૭ કુટુંબો છે. જેમાં અનુસુચિત જાતિના ૮૨ ઘરોની કુલ વસ્તી ૪૫૩ (૨૨૦ સ્ત્રી + ૨૨૩ પુરૂષ) છે અને ઓબીસી સમાજ(બક્ષીપંચ)ના લોકોની ૨૨૦૦ ની વસ્તીમાં આશરે ૫૫૦ કુટુંબોની છે જેઓ મોટાભાગે મજુરી કામ સાથે જોડાયેલ છે. અન્ય ખેતી, ધંધો અને નોકરિયાત વર્ગ ગામે રહે છે.

હાલ જશવંતગઢ ગામમાં તમામ કામ ધંધા, રોજગારી બંધ હોઈ લોકો બેરોજગાર બની ગયેલ છે. જશવંતગઢ તા.જી. અમરેલી ખાતે અનુસુચિત જાતિ, ઓબીસી અને અન્ય મજુર વર્ગના ૨ હજાર કરતા વધારે લોકો બેરોજગાર બનેલ છે. ધંધા રોજગાર બંધ હોવાને લીધે તેઓ પાસે કોઈજ આવકનું સાધન નથી. રોજગારી બંધ થવાને લીધે ગરીબ વર્ગના લોકોની આર્થીક સ્થિતિ કફોડી બની ગયેલ છે અને આજીવિકા કમાવવાનું કોઈ જ સાધન ન હોય જીવન નિર્વાહ કરવો મુશ્કેલ બન્યો છે. બેરોજગારીને લીધે ગરીબોને ઘર ચાલવવું મુશ્કેલ બન્યું છે અને બેરોજગારીને લીધે ગરીબોની હાલત દિનપ્રતિદિન કફોડી અને ખરાબ થતી જાય છે.

આવા સંજોગોમાં ભારત સરકાર દ્વારા ગ્રામિણ બેરોજગાર લોકો માટે તળાવ ઊંડા કરવા, સડક–રોડ બનાવવા, ખેત–તલવાડી બનાવવી, પાળા બાંધવા વિગેરે કામ હેઠળ ૧૦૦ દિવસની રોજગારની દરેક કુશળ કે અર્ધકુશળ બેરોજગાર નાગરિકને ખાતરી આપતો કાયદો મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામિણ રોજગાર અધિનિયમ– ૨૦૦૫ (મનરેગા) વર્ષ ૨૦૦૫માં સરકારે બનાવેલ છે જે સમગ્ર ભારતમાં ૬ ફેબ્રુઆરી ૨૦૦૬ થી અમલમાં આવેલ છે. આ મનરેગા કાયદાનું અમલીકરણ લોકોને તાત્કાલિક ધોરણે આ કાયદા હેઠળ ગામે રોજગારી પૂરી પાડવા અંતમાં માંગ કરેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલી જિલ્લાનાં રઘુવંશી સમાજમાં**

રઘુવીર સેનાના ઉપપ્રમુખ પ્રકાશભાઈ કારીયા, પ્રિતેષભાઈ માનસેતા અને મહેશભાઈ મશરૂ તેમજ અમદાવાદથી પૂર્વ પ્ર મુખ મહેશભાઈ નગદીયાએ સંયુકત અખબારી યાદીમાં જણાવેલ છે. જો આવતા બે દિવસમાં કલોલનાં ધારાસભ્ય વિરપુર આવી પૂજય જલારામબાપાનાં દર્શન કરી પોતે કરેલ વાણીવિલાસ બફાટ નિવેદન પાછું ખેંચી ગુજરાત લોહાણા સમાજ અને ધર્મપ્રેમી જનતાની માફી નહી માંગે તો આવતાં દિવસોમાં અમરેલી જિલ્લા રઘુવીર સેના ધ્વારા આંદોલનાત્મક કાર્યક્રમો જેવા કે, ધરણા, જિલ્લા લોહાણા સમાજનાં વેપાર ધંધા બંધ, રામધુન જેવા કાર્યક્રમો આપવામાં આવશે તેમ જણાવ્યું છે.

‘‘અમરેલી એક્સપ્રેસ’’
અમારૂ ઇ–મેઇલ એડ્રેસ
‘‘અમરેલી એક્સપ્રેસ’’ના પત્રકારોને વિનંતી કે, ઇ–મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
‘‘અમરેલી એક્સપ્રેસ’’ દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

પાના ૧ ઉપરનું ચાલું **અંતે ધરાઈનાં વૃધ્ધાને ન્યાય મળતાં**

અંદાજીત ૮ થી ૧૦ તોલાના તથા રોકડા અંદાજીત રૂપિયા ૮૦ થી ૯૦ હજારની ચોરી કરી લઈ ગયાની ફરિયાદ બાબરા પોલીસમાં નોંધાઈ છે.

આ બનાવમાં પોલીસ સૂત્રોમાંથી મળતી વિગત મુજબ બાબરા તાલુકાના ધરાઈ ગામે રહેતા ધર્મેન્દ્રભાઈ ભરતભાઈ જોષી, મિતેષભાઈ ઉર્ફે મિતુલભાઈ જનકભાઈ જોષી, મિલનભાઈ અનિભાઈ જોષી, વિરલ ગુલાબભાઈ જોષી, નંદન પ્રવિણભાઈ જોષી તથા અન્ય ૨૦ થી ૨૫ ઈસમોએ ગત તા. ૮/૭/૨૩ ના આશરે બપોરના બે વાગ્યા આસપાસ ધરાઈ ગામે એકસંપ કરી ગુનાહીત કાવત્રુ રચી બાબરા તાલુકાના ધરાઈ ગામે રહેતા નયનાબેન કાંતીલાલ ધીરજલાલ જોશી નામના ૮૪ વર્ષિય વૃધ્ધાના બંધ રહેણાંક મકાનના તાળા તોડી ગેરકાયદે પ્રવેશ કરી તે મકાનમાં રહેલ સામાન બહાર ફેંકી દઈ અને તે મકાન જે.સી.બી. દ્વારા ગેરકાયદેસર રીતે તોડી પાડી વૃધ્ધાના મકાનમાં રાખેલ સોનાના દાગીના અંદાજીત ૮ થી ૧૦ તોલાના તથા રોકડા અંદાજીત રૂપિયા ૮૦ થી ૯૦ હજારની ચોરી કરી લઈ ગયાની ફરિયાદ બાબરા પોલીસમાં નોંધાઈ છે.

### પાલિકાનાં શાસકોએ સમસ્યા દૂર કરવી જોઈએ

## જાફરાબાદમાં બેફામ ગંદકી અને રખડતા પશુઓથી પરેશાની વધી

### પ્રાથમિક સુવિધાઓ મેળવવામાં પણ સંઘર્ષ

જાફરાબાદ, તા. ૯

જાફરાબાદ સામાકાંઠા વિસ્તારોમાં પીવાના પાણીના પ્રશ્ને અલગ અલગ વિસ્તારોમાંથી ફરિયાદો ઉઠી હતી ૮–૮ દિવસોમાં પણ પાણી ન મળતું હોવાના કારણે ભારે આક્રોશ ભભૂકી ઉઠયો ઘણા ખરા વિસ્તારોમાં પીવાનું પાણી મળ તું નથી પાલિકાને પાણી બતાવવા જાણે રસ્તા રોકો આંદોલની જેમ રોડ વચ્ચે અડીંગો જમાવી પશુઓ એવા બેઠા હોય કે, વાહનો તો શું પણ માણસ પણ નિકળી શકતા નથી નાગરિકો પરસેવો પાડી પૈસા કમાઈ વેરો ભરે અને જવાબદાર અધિકારી આંખ– કાન બંધ કરી કુંભકર્ણની નિંદ્રામાં સુતાં છે. જેથી નાગરિકો પણ ત્રાહિમામ પોકારી ઉઠયા છે. અમુક સમય વિસ્તારમાં લાઈટ, પાણી ઉકરડો ખદબદતી ગંદકી પશુ–ગટર અને રસ્તા વગેરે પ્રશ્ને આક્રોશ સાથે ઘણાખરા વિસ્તારોમાં ૧૫–૧૫ દિવસ સુધી પાણી પણ પાલિકા દ્વારાઅપાતું નથી. થોડાક સમય પહેલા સામાકાંઠાના વિસ્તારોમાં પાણીનો પોકાર ઉઠયો હતો અને હાલમાં પણ આવી જ પરિસ્થિતિ છે. પાલિકા સામાકાંઠાના અનેક વિસ્તારોમાં પીવાનું પાણી સમયસર ન મળતું હોવાના કારણે લોકો અનેક પ્રકારની યાતના વેઠી રહ્યા છે.

તો બીજી તરફ રેઢિયાળ પશુઓના ત્રાસ એટલી હદે વધ્યો છે કે, લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે. જાહેર માર્ગો પર આખલાઓ અડીંગો જમાવીને બેસતા હોવાના કારણે વાહનચાલકો તો ઠીક પણ લોકોને પગપાળા ચાલીને નિકળવું પણ મુશ્કેલ બની રહ્યું છે. જયારે આખલાઓનું યુધ્ધ સર્જાય ત્યારે વાહનોના પૈડાં પણ થંભાવી દેવા પડે છે. જો આખલાઓના યુધ્ધમાં કોઈ અડફેટે ચડે તો હોસ્પિટલના બિછાને નક્કી જ હોય છે. રેઢિયાળ પશુઓના ભયના કારણે વૃદ્ધો, બાળકો, મહિલાઓ જે વિસ્તારમાં પશુનો ત્રાસ હોય ત્યાં નિકળ વાનું પણ ટાળી રહ્યા છે. સફાઈનો પ્રશ્ન હોય કે પછી ગટરનો પ્રશ્ન હોય પાલિકાના જવાબદાર અધિકારીઓ આંખ–કાન બંધ કરી કુંભકર્ણની નિંદ્રામાં પોઢી રહ્યા હોય તેમ સમસ્યાનું નિરાકરણ થતું નથી. સામાકાંઠા ના તલાવડીની બાજુમાં ઉભરાતો ઉકરડો દિનપ્રતિદિન ગંદકીથી ઉભરાઈ રહ્યો છે. પરંતુ જવાબદાર અધિકારીના ધ્યાન ઉપર આવતું નથી તેની આજુબાજુ રહેણાંક મકાનો આવેલા હોય અને તેનીનજીક આ ઊભરાતી ગંદકીથી કોઈ રોગચાળો ફેલાયો તો જવાબદાર કોણ ? પાલિકા ધ્યાન ન આપતાં શેરીએ શેરીએ ઢોરનું રસ્તા રોકો આંદોલન પણ જોવા મળી રહ્યું છે. પહેલાથી સળગતો પ્રશ્ન છે જ તેવામાં પશુઓના અડીંગાથી વધુ ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે. નગરજનો પરસેવો પાડી પૈસા કમાઈ પાલિકાને વેરાની ભરપાઈ કરે છે. અને જો વેરો ભરવામાં થોડું ઘણું મોડું થાય તો પાલિકા શેરીએ શેરીએ ઢોલ–નગારા વગાડે છે. પરંતુ પ્રાથમિક સુવિધા આપવામાં તંત્ર વામણું સાબિત થઈ રહ્યું છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૨૦ | ૧૪૨૦ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૭૦૦ | ૯૯૪ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૯૨ | ૧૨૫૦ |
| ૨ | શિંગ મોટી | ૧૧૧૧ | ૧૩૩૪ |
| ૩ | શિંગદાણા | ૧૩૧૫ | ૧૫૦૦ |
| ૪ | તલ સફેદ | ૧૯૧૫ | ૩૨૬૦ |
| ૫ | તલ કાળા | ૨૮૫૦ | ૩૨૦૪ |
| ૬ | તલ કાશ્મીરી | ૩૯૯૦ | ૪૧૨૩ |
| ૭ | બાજરો | ૪૬૯ | ૫૨૧ |
| ૮ | જુવાર | ૫૩૧ | ૯૦૦ |
| ૯ | ઘંઉ ટુકડા | ૪૨૫ | ૬૧૩ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૪૩ | ૫૯૦ |
| ૧૧ | ચણા | ૯૦૦ | ૧૨૦૧ |
| ૧૨ | ચણા દેશી | ૧૧૫૦ | ૧૧૯૨ |
| ૧૩ | તુવેર | ૧૩૬૧ | ૨૦૧૫ |
| ૧૪ | કપાસ | ૧૦૫૦ | ૧૪૫૦ |
| ૧૫ | એરંડા | ૧૦૮૯ | ૧૧૦૩ |
| ૧૬ | જીરૂ | ૪૬૦૦ | ૬૪૦૦ |
| ૧૭ | રાયડો | ૮૧૮ | ૯૧૪ |
| ૧૮ | ધાણા | ૧૦૯૫ | ૧૨૬૦ |
| ૧૯ | ધાણી | ૧૦૯૯ | ૧૪૩૦ |
| ૨૦ | સોયાબીન | ૮૦૦ | ૮૬૭ |
| ૨૧ | મરચા લાંબા | ૧૦૧૦ | ૩૬૭૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૫૦ | ૧૪૩૦ |
| ૨ | મગફળી | ૧૦૭૦ | ૧૦૭૦ |
| ૩ | ચણા | ૧૦૭૧ | ૧૨૦૦ |
| ૪ | ઘઉં | ૬૦૦ | ૬૦૦ |
| ૫ | તુવેર | ૧૮૭૮ | ૧૯૦૦ |
| ૬ | ધાણા | ૧૨૫૧ | ૧૨૫૧ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૭૬૪ | ૧૨૨૧ |
| ૨ | શીંગ મોટી | ૮૩૫ | ૧૨૭૬ |
| ૩ | તલ સફેદ | ૨૫૦૦ | ૨૯૮૦ |
| ૪ | તલ કાળા | – | ૨૯૦૦ |
| ૫ | જીરૂ | ૬૨૦૦ | ૬૭૦૦ |
| ૬ | કપાસ | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ૭ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૬૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૧૨ |
| ૯ | બાજરો | ૪૦૦ | ૫૧૨ |
| ૧૦ | જુવાર | ૫૫૦ | ૯૨૯ |
| ૧૧ | મકાઈ | ૪૫૦ | ૫૩૬ |
| ૧૨ | ચણા | ૧૦૦૦ | ૧૨૨૨ |
| ૧૩ | દેશી ચણા | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ૧૪ | તુવેર | ૧૫૦૦ | ૧૯૭૦ |
| ૧૫ | ધાણા | ૧૦૦૦ | ૧૫૫૧ |
| ૧૬ | સોયાબીન | ૮૦૦ | ૮૫૯ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૧૫૦ | ૧૪૮૦ |
| ૨ | મગફળી | ૧૧૭૨ | ૧૧૭૮ |
| ૩ | તલ સફેદ | ૨૪૭૦ | ૨૬૯૦ |
| ૪ | ઘઉં | ૪૯૬ | ૫૮૪ |
| ૫ | ચણા | ૯૩૦ | ૧૧૮૦ |
| ૬ | તુવેર | ૧૪૭૦ | ૧૯૨૦ |
| ૭ | ધાણા | ૧૧૪૦ | ૧૪૦૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૫૦ | ૧૪૭૬ |
| ૨ | ચણા | ૯૯૯ | ૧૦૧૦ |
| ૩ | મગફળી | ૧૧૧૯ | ૧૨૩૫ |
| ૪ | તુવેર | ૧૬૩૫ | ૧૬૫૫ |
| ૫ | બાજરો | ૪૭૭ | ૪૮૦ |
| ૬ | ઘઉં લોકવન | ૪૭૧ | ૫૪૩ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૮૨ | ૫૫૦ |
| ૮ | ધાણા | ૧૧૫૫ | ૧૧૫૫ |
| ૯ | સોયાબીન | ૬૯૦ | ૮૪૧ |
| ૧૦ | રાયડો | ૮૫૦ | ૮૫૦ |
| ૧૧ | મગ | ૧૩૨૫ | ૧૩૨૫ |
| ૧૨ | રાય | ૮૫૦ | ૮૫૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૬ | ૧૪૨૭ |
| ૨ | મગફળી | ૯૦૦ | ૧૧૪૫ |
| ૩ | ઘઉં | ૪૯૦ | ૫૪૧ |
| ૪ | ચણા | ૯૦૦ | ૧૧૪૭ |
| ૫ | ધાણા | ૧૧૮૫ | ૧૨૦૦ |
| ૬ | તુવેર | ૧૭૨૫ | ૧૮૦૦ |
| ૭ | સોયાબીન | ૮૪૧ | ૮૪૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૦૦ | ૧૧૦૦ |
| ૨ | તલ સફેદ | ૨૬૦૦ | ૩૦૦૦ |
| ૩ | કપાસ | ૯૦૦ | ૧૪૩૫ |
| ૪ | બાજરો | ૪૬૦ | ૪૯૫ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૬૦૧ |
| ૬ | જુવાર | ૫૬૦ | ૮૭૫ |
| ૭ | મકાઈ | ૫૦૦ | ૫૦૦ |
| ૮ | અડદ | ૧૩૨૬ | ૧૭૦૦ |
| ૯ | તુવેર | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૧૦ | ચણા | ૯૫૦ | ૧૧૫૫ |
| ૧૧ | રાજગરો | ૧૮૦૨ | ૧૮૦૨ |
| ૧૨ | ગમગુવાર | ૬૦૧ | ૬૦૧ |
| ૧૩ | સોયાબીન | ૬૫૦ | ૮૫૦ |
| ૧૪ | અજમા | ૧૭૫૦ | ૧૭૫૦ |

### સરપંચ ભાવનાબેન સુખડીયાનાં અધ્યક્ષસ્થાને

# અમરેલીનાં દેવભૂમિ દેવળીયા ખાતે ગ્રામ પંચાયતનું વાર્ષિક બજેટ રજૂ થયું

## કોઈપણ પ્રકારનાં વેરામાં વધારો ન કરાયો

અમરેલી, તા. ૯

દેવભૂમિ દેવળીયા ગ્રામ પંચાયત ખાતે સરપંચ ભાવનાબેન નાથાલાલ સુખડીયાની અધ્યક્ષતામાં વર્ષ ૨૦૨૪/૨૫ નું અંદાજપત્ર બજેટ બેઠક મળી. જેમાં રૂા. ૧,૩૨,૭૬,૫૦૦ના વિકાસ કામો ખર્ચના અંદાજને સર્વાનુમતે મંજૂર કરવામાં રોડ રસ્તા ધારાસભ્ય સાંસદ ગ્રાન્ટ એટીવીટી યોજના નાણા પંચની વિવિધ વિકાસના કામગીરી માટે રૂા. ૧,૧૯,૭૦,૫૦૦ અંદાજ મુજબ બજેટમાં જોગવાઈ કરવામાં આવી. પાણી વિતરણ માટે રૂા. ૧.૯૫ લાખ, વાંચનાલય તેમજ સાંસ્કૃતિક શિક્ષણ માટે ૫૫ હજાર, સ્ટ્રીટ લાઈટ રીપેરીંગ, માલસામાન અને લાઈટ બીલ રૂા. ૨.૨૫ લાખ, સફાઈ કામગીરી માટે રૂા. ૩.૯૫ લાખ, ખેતીવાડી યોજનાકીય છોડ ઉછેર એ લીફટ ઈરીગેશન યોજના બનાવી પ્લાન તૈયાર કરવા રૂા. ૩.૨૫ લાખ, કોમ્પ્યુટર તેમજ રેકોર્ડ અદ્યતન માટે ૫૦/૫૦ હજાર તેમજ પંચાયત દ્વારા વિકાસ માટે ૩ લાખ રૂપિયા અંદાજવામાં આવ્યા છે. ગત વર્ષે ૨૦૨૩/૨૪ના અંદાજપત્ર બજેટ ૭૨,૧૧,૫૦૦ની સામે ૨૦૨૪/૨૫ માં ૧,૩૨,૭૬,૫૦૦ એટલે કે રૂા. ૬૦,૬૫,૦૦૦ વધું અંદાજવામાં આવ્યું છે. કોઈપણ પ્રકારનો વેરો વધારવામાં આવ્યો નથી તદઉપરાંત



૮૫૮ મિલ્કતો સાથે નવી આકારણી રજીસ્ટ્રેશન ઓનલાઈન કરવામાં આવી છે જેથી સરકારની સ્વામિત્વ યોજના હેઠળ પ્રોપર્ટી કાર્ડ અપાશે. આમ અલગ અલગ વિસ્તારોમાં આવનાર માર્ચ બાદ ઘરે ઘરે કચરો એકત્રીત કરવા માટે વાહન વ્યવસ્થા કરવામાં આવશે અને દરેક વિસ્તારમાં શેરી નંબર સાથે રહીશોના નામ અને મિલકત નંબરનાં બોર્ડ લગાવવામાં આવશે. કોમ્પ્યુટર રૂમ ખાતે સતત હાજરી આપી શકે તેવા ઓપરેટર તરીકે લોકોની તમામ અરજી વિગેરે કામગીરી માટે વ્યવસ્થા સુદ્રઢ બનાવવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આજની આ બેઠકમાં સરકાર દ્વારા, માધ્યમિક શિક્ષણ વિભાગ દ્વારા નવમું ધોરણ શરૂ કરવા માટે થયેલ જાહેરાતને વધાવી આભાર માન્યો હતો. આમ આજની આ બેઠકમાં ઉપસરપંચ ધર્મિષ્ઠાબેન સોલડીયા, ન્યાય સમિતિ ચેરમેન હરેશભાઈ માધડ, વિપુલભાઈ રાઠોડ, જયેશભાઈ ચકરાણી, હિતેશભાઈ માધડ, કંચનબેન માધડ, નિતાબેન વાડદોરીયા, સુરજબેન ચૌહાણ તેમજ તલાટી કમ મંત્રી સોનલબેન વ્યાસ હાજર રહ્યા હતા.

### ગળકોટડી પ્રાથમિક શાળા ખાતે

# 'સંગીત દિવસ'ની ઉજવણી કરાઈ



બાબરા, તા. ૯

આજરોજ બાબરા તાલુકાનાં ગળકોટડી પ્રા.શાળા ખાતે ૬૬માં ધ ગ્રેમી એવોર્ડસમાં ભારતના સંગીતકારોએ એકસાથે ૭ એવોર્ડસ મેળવતા તેની ખુશાલી સાથે 'સંગીત દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.


અત્રે ઉલ્લેખનીય છે કે ગ્રેમી એવોર્ડસ સંગીતની દુનિયામાં અપાતો સૌથી મોટો એવોર્ડ છે, ત્યારે ભારત દેશના મહાન સંગીતકારો એકસાથે સાત એવોર્ડ દેશ માટે જીતીને લાવ્યા ત્યારે ગળકોટડી પ્રા.શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ખુશાલી મનાવવાના ભાગરૂપે સંગીત દિવસ ઉજવ્યો હતો. વિદ્યાર્થીઓએ આ પ્રસંગે પ્રાચીન તથા અર્વાચીન કુલ –૧૯ જેટલા વાદ્યોનો પરિચય મેળવ્યો હતો. જેમાં ડમરૂ, શંખ, મંજીરાં, ઝાંઝથી શરૂ કરી આધુનિક ટ્રીમબારલી, ગિટાર તથા કોંગોનો સમાવેશ થાય છે. શાળાના આચાર્ય(એચટાટ) દીપકભાઈ દવે દ્વારા આ વાદ્યોના ઉદ્ભવથી માંડીને તેના આધુનિક સ્વરૂપને સમજાવવામાં આવ્યું હતું.

આદિકાળથી શરૂ કરી આજના આધુનિક સંગીતના સ્વરૂપને શાળાના વિદ્યાર્થીઓને સમજાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, સાથે શાળાના આચાર્ય દીપકભાઈ દવે દ્વારા તમામ વાદ્યો સાથે સંગત કરી સુંદર રજૂઆત કરવામાં આવી હતી. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં સંગીત પ્રત્યે રસ, રૂચી જગાડવાનો તથા માહિતીગાર કરવાનો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ પાયાની માહિતી મેળવતા ખૂબ ખુશ જણાતા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા શાળા પરિવારના ભાઈઓ–બહેનોએ ભારે જહેમત ઉઠાવી હતી.


### ધારાસભ્ય મહેશ કસવાલાની રજૂઆત

# સાવરકુંડલા સહિતનાં નાના શહેરોમાં જીઆઈડીસીને રાહતદરે જમીન ફાળવો

## મુખ્યમંત્રી અને ઉદ્યોગમંત્રીની યોગ્ય કરવા ખાત્રી







સાવરકુંડલા, તા. ૯

સાવરકુંડલા શહેરમાં જી.આઈ.ડી.સી. ના પ્રાણ પ્રશ્ને જંત્રી અને ટોકન દરે જમીન આપવા પ્રકરણે ધારાસભ્ય મહેશ કસવાલાએ મુખ્યમંત્રી અને ઉદ્યોગમંત્રીશ્રીને સકારાત્મક અભિગમ અપનાવીને જી.આઈ.ડી.સી.નો નિર્ણય લાવવા અંગેની સફળ રજૂઆતો કરતા ઉદ્યોગકારોમાં હર્ષની લાગણીઓ વ્યાપી છે. જયારે સાવરકુંડલા શહેરનો કાંટા ઉદ્યોગ સાથે અન્ય ઉદ્યોગો માટે જી.આઈ.ડી.સી. સ્થાપવાની મંજૂરી સરકારશ્રી માંથી લાવીને ધારાસભ્ય મહેશ કસવાળાએ સાવરકુંડલા તાલુકામાં ઓદ્યોગિક એકમો વસાહત ઊભી કરવા સાવર સામાપાદર ગામના સર્વે નંબર ૪૫૨/૧ પૈકી ૧ની જમીનમાંથી હેકટર ૬૦–૦૦–૦૦ ચો. મી. જમીન જંત્રી મુજબની કિંમત નક્કી કરી સરકારમાં ભરપાઈ કરવા જણાવેલ હતું. ત્યારે સાવરકુંડલા તાલુકો વિશ્વભરમાં કાંટા ઉદ્યોગ માટે ખૂબજ પ્રખ્યાત છે અને નાના ઉદ્યોગકારો મોટી રકમ ભરી શકે તેવા સક્ષમ નથી તેમજ સાવરકુંડલા તાલુકાની જમીનોની કિંમત પણ જંત્રી મુજબ ખુબજ નાની છે જયારે ઓદ્યોગિક વસાહત માટે જે જમીન ફાળવવામાં આવેલ છે તે જમીન ડુંગરાળ, ખાડા ટેકરા અને પડતર જમીન આવેલ છે. જો આવી પડતર જગ્યાઓને ઓદ્યોગિક વિસ્તારની જમીનો ગણી કિંમતનું મૂલ્યાંકન નક્કી કરવામાં આવે તો અમદાવાદ, વડોદરા, સુરત, અંકલેર જેવા મહાનગરોની જી.આઈ.ડી.સી.ના ભાવ કરતાં પણ વધારે જમીનના ભાવ થશે. જે નાના શહેરના ઉદ્યોગકારોને કયારેય પણ પરવડે નહિ. ત્યારે સાવરકુંડલાના વેપારીઓ અને કાંટા ઉદ્યોગકારો મોટી રકમ ભરી શકે તેવા સક્ષમ નથી તેમજ આ વસાહત સ્થાપવા માટે ધ સ્કેલ મેન્યું એસોસિએશન તરફથી કિંમત નક્કી કરવા અનેક વખત રજૂઆતો કરેલ છે તેનું આજદિન સુધી કોઈ નિરાકરણ થયેલ નથી તેમજ સાવરકુંડલા શહેર તાલુકામાં કોઈ ઉદ્યોગ આવેલ નથી તેથી રોજગારી પન સીમિત અને મર્યાદામાં મળે છે જેને કારણે તાલુકાના લોકો પોતાના ધંધા રોજગાર માટે માઈગ્રેશન થાય છે. આ માઈગ્રેશન અટકાવવા માટે લોકોને પૂરતી રોજગારી ઊભી કરવા જી.આઈ.ડી.સી. ની જમીનની યોગ્ય અને વ્યાજબી કિંમત ગણી તાત્કાલિક ધોરણે જમીન ઉદ્યોગકારો અને નાના વેપારીઓને આપવામાં આવે તો ઓદ્યોગિક દ્રષ્ટિએ ખુબજ મોટો વિકાસ થઈ શકે તેમ હોય જેથી ધારાસભ્ય મહેશ કસવાળા દ્વારા તર્ક સાથે અધિકારીઓને સમજાવવામાં અને મુખ્યમંત્રી અને ઉદ્યોગમંત્રીને સકારાત્મક અભિગમ સાથેનો ઉકેલ લાવવાની રજૂઆતો લેખિત અને રૂબરૂ ધારાસભ્ય મહેશ કસવાલાએ કરી છે ને મુખ્યમંત્રી અને ઉદ્યોગમંત્રીએ હૈયાધારણા આપી હોવાની વિગતો મળી રહી છે. ત્યારે ટૂંકા દિવસોમાં જી.આઈ.ડી.સી. પ્રશ્ન ઉકેલાશે તેમાંકોઈ બે મત નથી તેવું સત્વ અટલધારા કાર્યાલય ઈન્ચાર્જ જે.પી. હિરપરાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

### મુખ્યમંત્રી એવોર્ડ એનાયત થવા બદલ

# અમરેલી જિલ્લાનાં શ્રેષ્ઠ હોમગાર્ડ તરીકે કામગીરી કરનાર વર્ધમાન બામટાનું સન્માન

## સુરેશભાઈ શેખવા સહિત દ્વારા થયું સન્માન

અમરેલી, તા. ૯

અમરેલી જિલ્લામાં હોમગાર્ડ તરીકે શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ મુખ્યમંત્રી એવોર્ડ મેળવનાર વર્ધમાન બામટાનું અમરેલી હોમગાર્ડનાં સુરેશભાઈ શેખવા, બી.જે. ગોહિલ, પી.એમ. પીલુકીયા, ટી.જી.જોષી, વી.ડી. મારવાડી તેમજ તમામ હોમગાર્ડ



સભ્યો, મહિલા હોમગાર્ડ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

### લોકસભાની ચૂંટણીનાં પ્રચારનાં ભાગરૂપે

# અમરેલી જિલ્લામાં આજથી બે દિવસ સુધી ભાજપ દ્વારા ''ગાંવ ચલો અભિયાન''

## શહેરી અને ગ્રામ્ય બુથમાં પ્રવાસી કાર્યકર્તા મુલાકાત લેશે

અમરેલી, તા. ૯

છેલ્લા ૧૦ વર્ષમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની ભારતીય જનતા પાર્ટીની સરકારે ગરીબ કલ્યાણ, મહિલા સશકિતકરણ, આંતરિક સુરક્ષા, બાહ્ય સુરક્ષા, સંસ્કૃતિક ઉત્થાન અને વિશ્વમાં ભારતનું ગૌરવ વધારવા સહીત વિકાસના તમામ આયામો પર અજોડ કાર્ય કર્યુ છે. ભારતીય જનતા પાર્ટીના ગરીબોના કલ્યાણ અને ઉત્થાન પ્રત્યેનો દ્રષ્ટિકોણ અને કેન્દ્ર સરકાર દ્વારા થયેલ વિકાસના કાર્યોને સામાન્ય પ્રજા સુધી લઈ જઈને અને જનતાનાં વિશ્વાસ કેળવીને ૨૦૨૪ની આગામી લોકસભાની ચૂંટણીમાં પુનઃ સમર્થન મેળવવાનો છે.

ઉપરોકત કાર્યોને પૂર્ણ કરવા માટે, કેન્દ્રની યોજના અનુસાર : ગાંવ ચલો અભિયાન શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, જેમાં ૭ લાખ ગામો શહેરી વિસ્તારના તામામ બુથોમાં એક–એક કાર્યકર્તાને જવાબદારી નિશ્ચિત કરીને રાત્રી રોકાણ સહીત ૨૪ કલાક એ કાર્યકર્તાઓને સોપેલ ગામ/બુથમાં 'પ્રવાસી કાર્યકર્તા' તરીકે જશે.

આ અભિયાન અંતર્ગત દેશ અને રાજયના તમામ ભાજપના આગેવાનો પ્રવાસી કાર્યકર્તા તરીકે ગામડે જશે. ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ સહીત પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલ સહીત પ્રદેશના તામામ આગેવાનો મંત્રીઓ તથા પદાધિકારીઓ તથા સાંસદો તથા ધારાસભ્યો સહીત તમામ ભાજપના નેતાઓ જોડાશે. અમરેલી જીલ્લામાં પણ ઈફકોના ચેરમેન



તથા પૂર્વ કેબીનેટ મંત્રી દિલીપભાઈ સંઘાણી વિઠ્ઠલપુર ખંભાળિયા ગામે, નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા સરંભડા ગામે, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા જુના સાવર ગામે, ધારાસભ્ય હીરાભાઈ સોલંકી જાફરાબાદ શહેરના બુથમાં, ધારાસભ્ય જે.વી. કાકડિયા ચલાલા શહેરના બુથમાં, ધારાસભ્ય જનકભાઈ તળાવીયા ધ્રુફણીયા ગામે તથા જીલ્લા પંચાયત પ્રમુખ ભરતભાઈ સુતરીયા હરસુરપુર દેવળીયા ગામે જશે.

આ અભિયાનને સફળ બનાવવા માટે અમરેલી જીલ્લા ભાજપ દ્વારા જીલ્લા સ્તરની એક કાર્યશાળા તથા જીલ્લા પંચાયત સીટ તથા નગરપાલિકાદીઠ એક–એક કાર્યશાળાઓનું એમ કુલ ૪૩ કાર્યશાળાઓનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.


આજરોજ સુધીમાં આ અભિયાન અંતર્ગત જનાર પ્રવાસી કાર્યકર્તાઓને પ્રદેશ ભાજપ દ્વારા આપવામાં આવેલી કીટ પણ પહોચાડી દીધેલ છે. આ અભિયાન અંતર્ગત અમરેલી જીલ્લામાં કુલ ૭૬૮ પ્રવાસી કાર્યકર્તાઓ ગામડામાં તથા ૨૩૪ પ્રવાસી કાર્યકર્તા શહેરમાં જશે આ કાર્યક્રમ સફળ બનાવવા માટે ૯૦૦ સ્થાનિક ગ્રામ સંયોજક તથા ૨૧૭ શહેરી સ્થાનિક સંયોજક જહેમત ઉઠાવશે.તારીખ –૧૦ ફેબ્રુઆરીનારોજ પ્રધાન મંત્રી નરેન્દ્રભાઈ મોદીના લાભાર્થી સંમેલનના કાર્યક્રમ બાદ તામામ કાર્યકર્તાઓ પોતાને આપવામાં આવેલ ગામમાં પ્રસ્થાન કરશે. આ ગામમાં રાત્રી રોકાણ સાથે ૨૪ કલાક રોકાઈ ભાજપ સંગઠન દ્વારા આપવામાં આવેલ બુથ સમિતિ, પેજ સમિતિ, વિશેષ સંપર્ક, લાભાર્થી સંપર્ક, વિવિધ જ્ઞાતિના આગેવાનોનો સંપર્ક તથા ઘર ઘર સુધી મતદારોનો સંપર્ક કરી છેલ્લા ૧૦ વર્ષ દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ માં ચાલતી કેન્દ્રની ભાજપ સરકાર દ્વારા કરવામાં આવેલા લોકહિતના કાર્યોની વાત કરશે.

આ અભિયાન પૂર્ણ થયા પછી લોકસભા ચૂંટણી સુધી દર ૧૫ દિવસે સોંપાયેલા ગામ અને શહેરી વિસ્તારના બુથમાં આ પ્રવાસી કાર્યકર્તા મુલાકાત લેશે.

### ૧૦ ફેબ્રુઆરી, ''વિ કઠોળ દિવસ''

# સોયાબીનમાં નોનવેજ કરતા પણ વધારે પ્રોટીન હોય છે

## સંપૂર્ણ આહાર – શાકાહાર



વિશ્વ કઠોળ દિવસ શરૂ કરવા પાછળનો હેતુ સંયુકત રાષ્ટ્રનાં 'ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન'નાં નેતૃત્વ હેઠળ કઠોળનાં પોષણ અને પર્યાવરણીય ફાયદાઓ વિશે જાગૃતિ લાવવાનો હતો. પ્રથમ વખત આ દિવસ ૨૦૧૬ માં ઉજવવામાં આવ્યો હતો ત્યારબાદ વર્ષ ૨૦૧૯ માં ૧૦ ફેબ્રુઆરીને 'આંતરરાષ્ટ્રીય કઠોળ દિવસ' તરીકે જાહેર કરવામાં આવ્યો હતો. 'વિ કઠોળ દિવસ'ની ઉજવણી પાછળનો હેતુ જમીનની ઉત્પાદકતા અને કઠોળની ઉત્પાદકતા, ખેતી પ્રણાલીમાં સ્થિતિસ્થાપકતા, ખેડૂતો માટે સારું જીવન અને યોગ્ય ખેતી પદ્ધતિઓને પ્રોત્સાહન આપવાનો છે.

આજકાલ આપણા બધાની જીવનશૈલીમાં ફાસ્ટ ફૂડનું પ્રમાણ ઘણું વધી ગયું છે, જેના કારણે આપણા આહારમાં કઠોળનો ઉપયોગ ઓછો થઈ રહ્યો છે. જેના કારણે શરીરને સંપૂર્ણ પોષણ મળતું નથી અને બાળકો અને યુવાનો સહિત દરેકનાં સ્વાસ્થ્યને અસર થાય છે. કઠોળના સેવનથી લોહી શુદ્ધ થાય છે, પાચન તંત્ર મજબૂત થાય છે, હાડકા મજબુત બને, વજન કંટ્રોલમાં રહે વગેરે જેવા મહત્વના ફાયદાઓ થાય છે.

આજકાલ કસરતી શરીર બનાવવા માટે યુવાનો નોનવેજ ખાતા થઈ ગયા છે, પરંતુ નોનવેજમાં સૌથી વધુપ્રોટીન ૧૦૦ ગ્રામ ચિકનમાં ૩૨.૮ ગ્રામ ઉપલબ્ધ છે. જયારે કઠોળમાં આવતા સોયાબીનમાં ૩૬ ગ્રામ પ્રોટીન હોય છે. આથી શાકાહાર સંપૂર્ણ આહાર છે એ સાબિત થાય છે.

કઠોળનો ઉપયોગ ઓછામાં ઓછા ૧૦ હજાર વર્ષોથી કરવામાં આવે છે અને તે વિશ્વમાં સૌથી વધુ ઉપયોગમાં લેવાતા ખોરાકમાંનો એક છે. કઠોળ પ્રોટીન અને ફાઈબર તેમજ આયર્ન, ઝિંક, ફોલેટ અને મેગ્નેશિયમ જેવા વિટામિન્સ અને ખનિજોનો નોંધપાત્ર સ્ત્રોત પૂરો પાડે છે અને દરરોજ અડધો કપ કઠોળ અથવા વટાણાનું સેવન કરવાથી આ પોષક તત્વોનાં સેવનમાં વધારો કરીને આહારની ગુણવત્તામાં વધારો થઈ શકે છે.

– મિત્તલ ખેતાણી

(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

# નર્મદા લાવો કચ્છ બચાવોના નારા સાથે ખેડૂતોનો વિરોધ

કચ્છ, તા.૯

નર્મદા લાવો કચ્છ બચાવો ના નારા સાથે ખેડૂતોનો વિરોધ કર્યો છે. ભુજના ટીન સીટી ગ્રાઉન્ડ ખાતે વિશાળ સભા યોજાઈ છે. સભા અને રેલીયોજી કલેકટરને આવેદન પત્ર પાઠવાશે નર્મદા કેનાલના કામમાં વિલંબનો આક્ષેપ કરવામાં આવ્યો છે. કચ્છમાં નર્મદાના પાણી માટેની માગ સાથે કિસાન સંઘની સભા યોજાઈ છે. નર્મદા લાવો કચ્છ બચાવો ના નારા સાથે ખેડૂતોનો વિરોધ કર્યો છે. ભુજના ટીન સીટી ગ્રાઉન્ડ ખાતે વિશાળ સભા યોજાઈ છે. સભા અને રેલીયોજી કલેકટરને આવેદન પત્ર પાઠવાશે નર્મદા કેનાલના કામમાં વિલંબનો આક્ષેપ કરવામાં આવ્યો છે. બીજી તરફ દુધઈ સબ બ્રાન્ચ કેનાલનું કામ ઝડપથી પૂર્ણ કરવા માગ કરી છે.

### શાપર (વેરાવળ)માં વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો કાર્યક્રમ સંપન્ન

# ભારતમાં શાળા, લેબોરેટરી, વેધશાળા, પુસ્તકાલયની જરૂર : વિજ્ઞાન જાથા

## છાત્ર – છાત્રાઓ, વાલીને જ્ઞાન વિજ્ઞાનનું સ્નાન કરાવ્યું

અમદાવાદ, તા. ૯

અમદાવાદ : રાજકોટ જિલ્લાના શાપર (વેરાવળ) ગામમાં રોટરી કલબ ઓફ રાજકોટ મેટ્રો ઉપક્રમે પી.એમ. નવી કન્યા તાલુકા શાળામાં છાત્ર – છાત્રાઓ,વાલીમાં અંધશ્રદ્ધા નિવારણનો ભારત જન વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો લોકજાગૃતિ કાર્યક્રમ સફળતાથી સંપન્ન થયો હતો.ભારતમાં શાળા,લેબોરેટરી,વૈદ્યશાળા, પુસ્તકાલય, યુનિવર્સિટી, રમતગમતની તાતી જરૂરીયાત છે તેની ઉપર વિશદ માહિતી આપવામાં આવી હતી.જાથાનો ૧૦૦૩૧મા કાર્યક્રમને સફળતા મળી હતી.શાપર પોલીસ સ્ટેશને પુરતો બંદોબસ્ત ગોઠવ્યો હતો. કાર્યક્રમનું વૈજ્ઞાનિક પદ્ધતિથી ઉદઘાટન રોટરી કલબના મંત્રી સંજયભાઈ નિમાવતે કરી વિજ્ઞાનથી જ માનવને સુખાકારી મળી છે. વિજ્ઞાનની હરણફાળ પ્રગતિમાં માનવીએ જોડાવું કર્તવ્ય બની જાય છે. જાથાની લોકોપયોગી પ્રવૃતિની ભારોભાર પ્રશંસા કરી હતી. શાળાના આચાર્ય બ્રિજેશભાઈ ધાધલે સ્વાગત પ્રવચન સાથે છાત્રાઓ માટે કરવામાં આવતી વિજ્ઞાનલક્ષી પ્રવૃત્તિઓનો ચિતાર આપ્યો હતો. ચમત્કારીક પ્રયોગો છાત્રાઓ–વાલીને જીવનમાં ઉપયોગી સાબિત થશે. આ પ્રસંગે રોટરી કલબ ઓફ રાજકોટ મેટ્રોના મુકેશભાઈ પટેલ, કિશોરભાઈ રાજપોપટ, નયનાબેન તંતી, શાળાના બ્રિજેશભાઈ ધાધલ, ભાવેશભાઈ ગોહેલ, ગિરીશભાઈ ખુંટ, કપીલભાઈ સોમૈયા, કૈલેષભાઈ લાલાણી, રમેશભાઈ ટીલાળા, સ્વાતિબેન સવસેતા, માલતીબેન ગોસ્વામી, હીનાબેન વેગડ, પૂજાબેન જોશી, શિલ્પાબેન પરવડીયા, તેજલબેન મહેતા, ચંદનબેન લીંબડીયા, લતાબેન પરમાર, રમાબેન કોટક, મિરાલીબેન પટેલ વિશેષ હાજરી આપી હતી.જાથાના રાજય ચેરમેન એડવોકેટ જયંત પંડયાએ છાત્રાઓ, વાલીને સંબોધતા જણાવ્યું કે શિક્ષણ આવવાથી બે નહિ ચાર આંખની દ્રષ્ટિ મળે છે. પરિવારને સુખી સમૃધ્ધ કરવું હોય તો શિક્ષણની આવશ્યકતા અતિ જરૂરી છે. માનવીને મુશ્કેલીના સમયે વિજ્ઞાન દ્રષ્ટિકોણ લાભપ્રદ છે. યુરોપ ખંડની પ્રગતિનો આધાર વિજ્ઞાન સાથે તર્કના મૂલ્યાંકનને આભારી છે. ભારતમાં શાળા,લેબોરેટરી,વૈદ્યશાળા,પુસ્તકાલય, યુનિવર્સિટી,ઉદ્યોગ – રોજગારી કેન્દ્રની માનવ સમાજ માટે ઉપયોગી છે.ધર્મ કે ધાર્મિક સ્થાને વિશ્વની એકપણ સમસ્યા ઉકેલી શકયા નથી. ધર્માંધતા માનવીને પાંગળો બનાવે છે.અતિશ્રદ્ધા અંધશ્રદ્ધામાં સરી પડે નહિ તેની અતિ કાળજી રાખવી જોઈએ.અંધશ્રદ્ધાથી માનવીને પાયમાલી મળી છે.અંધશ્રદ્ધાને દેશવટો આપવો જોઈએ.કોઈપણ ધર્મના નેતાએ પોતાના દેશની એકપણ સમસ્યા ઉકેલી નથી.પોતાની મહત્તા વધારી લોકોને ધાર્મિક ચિહનો,કર્મકાંડ–ક્રિયાકાંડો તરફ દોરી જઈને શારીરિક,માનસિક આર્થિક શોષણ કર્યુ છે તેથી જાગવાની જરૂર છે. વધુમાં જયંત પંડયાએ



જણાવ્યું કે પુર્વજન્મ, પુનર્જન્મ, આત્મા વિશેષ સચોટ દાખલો આપ્યો તેમાં ધાર્મિક શાસ્ત્રોમાં જે પ્રકારે જન્મ બાબતે વિચાર, મત દર્શાવે છે તે વિજ્ઞાન કસોટીમાં નાપાસ સાબિત થયેલ છે. પ્રથમ આપણે આપણી જાતને જ પૂછીએ આપણો જન્મ થયો તે પહેલા આપણે કયાં હતા ? જેનો જવાબ એ છે કે માતાના ગર્ભમાં આપણો ચોક્કસ ભાગ આપણા પિતાના શરીરમાંના સુક્ષ્મ શુક્રકણ અને બીજો ચોક્કસ ભાગ માતાના શરીરના સુક્ષ્મ રજકણનું માતાના ગર્ભમાં મિલન થતા આપણા દેહનું ત્યાં પ્રથમ પ્રાગ્ટય થયું.એનો અર્થ સમજી શકાય છે કે પહેલા આપણું આ જગતમાં કોઈ સ્થળે અસ્તિત્વ જ હતું નહિ. અર્થાત તે પહેલા આપણો કોઈ પૂર્વજન્મ હતો જ નહિ, કારણકે એ આપણો પ્રથમ અને છેલ્લો જન્મ હોત. જેથી ધાર્મિક શાસ્ત્રોમાં દર્શાવેલી પુર્વજન્મની વાતો કાલ્પનિક, જુઠી, ગપગોળા સાથે છેતરપિંડીયુક્ત સાબિત થાય છે. આપણું જીર્ણ શરીરમાંથી આત્મા બહાર નીકળી જઈને બીજો નુતન દેહ ધારણ કરે છે તેની સામે પ્રશ્ન થવો જોઈએ કે બીજા મૃત શરીરમાં આત્મા જાય તો જ સાચું કહેવાય પરંતુ તેવું કોઈપણ માતાના ગર્ભમાં જે દેહનું પ્રાગ્ટય થાય છે તે રજકણમાં પ્રથમથી જ ચેતના હોય જ છે. તેથી જ તે બન્ને કણોનું મિલન આપણું પ્રાગ્ટય અને વિકાસ શકય બનાવે છે.બહારના આત્માની વાત જ હંબક છે.એક આત્મા બીજાના શરીરમાંથી દાખલ થાય છે તે મૂળ આત્મા કયાં જાય તેવો તર્ક થવો જોઈએ.વાસ્તવમાં આત્માની સદીઓથી પૃથ્વી ઉપર ગપગોળા જોવા મળે છે. ધૂણે કે સવારી આવે ત્યારે આત્માના પ્રવેશની વાત જ છેતરપિંડી છે.ભ્રામક સાથે બેબુનિયાદ છે.ભારતમાં સદીઓથી કાલ્પનિક વાતો દોહરાવવામાં આવે છે.પૂર્વજન્મ,પુનર્જન્મ,આત્મા બાબતની તમામ વાતો બોગસ વિજ્ઞાને સાબિત કરી શરીર વિજ્ઞાનની રચનામાં ખુલાસો જોવા મળે છે. ભૂત, પ્રેત, ડાકણ, ચુડેલ, ખવીસ, મામો, આસુરી શક્તિ વિગેરે ખોટી વાતો લોકોના મગજમાં ફીટ થઈ ગઈ છે તેને બહાર કાઢવાનું કામ કઠીન સાથે દુષ્કર બની ગયું છે.લેભાગુઓના ષડયંત્રમાં માનવી લાચાર બની ગયો છે.માનવીએ અથાગ મહેનત કરવી પડશે.જાથાના પંડયાએ વૈજ્ઞાનિક પ્રયોગોમાં એકના ડબલ, હાથમાંથી કંકુ – ભસ્મ–લોહી નીકળવું,સંમોહન,કાનેથી ચિઠ્ઠી વાંચવી,ઉકળતા તેલમાંથી હાથેથી પુરી તળવી,એકના ડબલ,બોલતું તાવીજ,હઝરતમાં જોવું,બેડી તુટવી,ધૂણવું– સવારી આવવાની ડિંડક લીલા વિગેરેનું નિદર્શન કરી શીખડાવી દેવામાં આવ્યા હતા. જાથાના અંકલેશ ગોહિલ,રોમિત રાજદેવ, નિર્ભય જોશી, ભારતીબેન, સિધ્ધાર્થભાઈ દેગામી, ભાનુબેન ગોહિલ, પ્રયોગ નિદર્શનમાં ભાગ લીધો હતો. શાપર – વેરાવળ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ.ગોહિલ, એ.એસ.આઈ. સુખદેવસિંહ ઝાલા, રણછોડભાઈ પોલાભાઈ, સોનલબેન હરખણીએ બંદોબસ્ત જાળવ્યો હતો. સુરત સત્ય શોધક સભાના પૂર્વ પ્રમુખ સિધ્ધાર્થભાઈ દેગામી,ભારતીબેને ચમત્કારિક પ્રયોગોનું આબેહુબ નિદર્શન કર્યું હતું. ભાનુબેન ગોહિલે માથા ઉપર સળગતી સગડી મુકી તેની કરામત ખુલ્લી કરી હતી. કાર્યક્રમનું સંચાલન સંજયભાઈ નિમાવતે કર્યું હતું. જાથાનો ૧૦૦૩૧ મો કાર્યક્રમ સફળ બન્યો હતો. વધુ માહિતી માટે મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક કરવો.

## અમરેલી, ચલાલા, સાવરકુંડલા, બગસરા, બાબરા, કુંકાવાવ સહિતનાં શહેરોમાં નારાજગી

# અમરેલી જિલ્લાનાં રઘુવંશી સમાજમાં ભાજપનાં ધારાસભ્ય સામે રોષ

**પૂ. જલારામબાપા વિશે ટિપ્પણી કરનાર ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ વિરપુરધામ પહોંચીને માફી માંગે તેવી માંગ**

**ભગવાન શ્રીરામની કસોટીમાંથી પાસ થયેલ પૂ. જલારામબાપા વિશે ટિપ્પણી કરવાનું યોગ્ય નથી**

**ભાજપનાં ધારાસભ્ય માફી ન માંગે તો આગામી દિવસોમાં આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવશે**

**ભાજપ હાઈકમાન્ડ દ્વારા આ મામલે દરમિયાનગીરી કરવામાં આવે તે જરૂરી**

અમરેલી, તા. ૯

કલોલ બેઠકનાં ભાજપનાં ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણે સંત શિરોમણી પૂ. જલારામબાપા વિરૂધ્ધ ટિપ્પણી કરતાં તેના ઘેરા પ્રત્યાઘાતો લોહાણા સમાજ સહિત અન્ય સમાજમાં પડેલ છે અને અમરેલી જિલ્લા સહિત ઠેકઠેકાણેથી ભાજપનાં ધારાસભ્ય સામે રોષનો માહોલ ઉભો થયો છે.





અમરેલી, લીલીયા, સા.કુંડલા, ચલાલા, ધારી, વડિયા, બાબરા સહિતનાં શહેરોમાંથી લોહાણા સમાજનાં અગ્રણીઓએ રોષ વ્યકત કર્યો છે.

સંત શિરોમણી એવા પૂજય જલારામબાપા માટે બે દિવસ પહેલા કલોલનાં ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ ધ્વારા વાણીવિલાસનો બફાટ કરી ભાન ભૂલી અપમાનજનક શબ્દો બોલ્યા છે. તેના વિરૂધ્ધમાં અમરેલી જિલ્લા રઘુવીર સેના લાલઘુમ થઈ ગઈ છે. સ્જિલ્લા રઘુવીર સેનામાં આક્રોશ સાથે ભારે રોષ પ્રસરી ગયો છે. જિલ્લામાં ઠેર–ઠેર લોહાણા મહાજનો અને રઘુવીર સેના ધ્વારા જિલ્લા તંત્રને આવેદનો દેવાયા છે. ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ સામે દેખાવો થઈ રહ્યા છે તથા અમરેલી જિલ્લા રઘુવીર સેનાનાં નવનિયુકત પ્રમુખ વિશાલભાઈ સોઢા તેમજ જિલ્લા

અનુસંધાન પાના ૬ ઉપર

---

**નાના એવા ગામમાં અરેરાટીનો માહોલ**

## રાજુલા : કુંડલીયાનાં ૨૦ વર્ષિય યુવકે અગમ્ય કારણોસર ઝેરી દવા પી લીધી

**ભાવનગર ખાતે સારવાર દરમિયાન મોત થયું**

અમરેલી, તા. ૯

મુળ આંબલીયાળા (તા. ખાંભા) અને કુંડલીયાળા (તા. રાજુલા) ગામે રહેતા રણજીતભાઈ ઉર્ફે જીગ્નેશભાઈ મકવાણા નામના ૨૦ વર્ષિય યુવક ગત તા.૨૯ ના રોજ કોઈ અગમ્ય કારણસર પોતે પોતાની મેળે પોતાના ઘરે ઝેરી દવા પી જતા તેને પ્રથમ રાજુલા અને બાદમાં ભાવનગર હોસ્પિટલ ખાતે બાદ સર.ટી. હોસ્પિટલ, ભાવનગર ખાતે સારવારમાં જતા ચાલુ સારવાર દરમ્યાન મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

---

**લીલીયા મોટા નજીક રેલ્વે હડફેટે પડતુ મુકીને**

## વડિયાનાં ગ્રામ્ય વિસ્તારમાં તરૂણી ઉપર દુષ્કર્મ કેસનાં એક આરોપીએ આત્મહત્યા કરી

**પોલીસ ફરિયાદ થતાં બદનામી થવાનાં ડરે અંતિમવાટ પકડી**

અમરેલી, તા. ૯

લીલીયા મોટા નજીક આવેલ રેલ્વે ટ્રેક ઉપર એક યુવકે બદનામી થવાના ડરે ટ્રેન નીચે પડતું મુકીને આત્મહત્યા કરી લીધાનું જાણવા મળેલ છે.

વિગત એવા પ્રકારની છે કે, વડિયાનાં ગ્રામ્ય વિસ્તારમાં સગીરા ઉપર દુષ્કર્મ કરવાના ગુન્હામાં બે યુવકો વિરૂધ્ધ ફરિયાદ નોંધાઈ હતી. જેમાં આરોપી તરીકે મનસુખ ચૌહાણ ઉર્ફે લવાભાઈનું નામ આવતાં તેઓએ



બદનામી થવાના ડરે લીલીયા મોટા નજીક રેલ્વે ટ્રેક ઉપર ટ્રેન નીચે પડતુ મુકીને આત્મહત્યા કરી લીધાનું જાહેર થયું છે.

---

**બીમારીથી કંટાળીને**

## બાબરાનાં વાંડળીયાની વૃધ્ધાએ ઝેરી દવા પી લીધી

**નાના એવા ગામમાં અરેરાટી**

અમરેલી, તા. ૯

બાબરા તાલુકાના વાંડળીયા ગામે રહેતા શારદાબેન ધીરૂભાઈ શિયાણી નામના ૬૦ વર્ષિય વૃધ્ધાને છેલ્લા પંદરેક વર્ષથી બી.પી.ની બિમારી હોવાથી તે બિમારીથી કંટાળી જવાથી તા.૭ ના સાંજના આશરે આઠેક વાગ્યે પોત પોતાના ઘરે વાંડળીયા ગામે પોતે પોતાની મેળે ઝેરી દવા પી જતા મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.


**જોઇએ છે**

અમરેલી એકસપ્રેસ કાર્યાલય માટે નીચેની જગ્યા માટે નિમણુંક કરવાની હોય ઇચ્છુક વ્યકિતઓએ સંપર્ક કરવો.

કોમ્પ્યુટર ઓપરેટર.....................૨

CorelDraw, Photoshop, PageMaker 7 તથા ગુજરાતી ટાઇપીંગનાં અનુભવી

ઓફિસબોય..............................૧

ઓફિસનાં પરચુરણ કામકાજ માટે

અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો

રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦

''અમરેલી એકસપ્રેસ'' દૈનિક

કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.


---

**૧૪ વર્ષ પહેલા હજારો રોકાણકારને વિશ્વાસમાં લઈ**

## અમરેલીમાં ''આસ્થા'' કંપનીનાં નામે છેતરપીંડી કરનાર સંચાલક જેલહવાલે

**છેલ્લા ૧૦–૧૨ વર્ષથી કોર્ટમાં હાજર થતાં ન હોય પોલીસે ઝડપી કોર્ટમાં રજૂ કરતાં થયા જેલહવાલે**

અમરેલી, તા. ૯

અમરેલીમાં અંદાજીત ૧૪ વર્ષ પહેલા આસ્થા ઈન્સ્યોરન્સ સહિતની અનેક લોભામણી સ્કીમ મુકીને હજારો નાના રોકાણકારોનાં લાખો રૂપિયાનાં ઉઘરાણા કરી ફરાર થયા બાદ એક વખત હાજર થઈ જામીન પર છુટયા બાદ પુનઃ કોર્ટમાં હાજર ન થનાર સંચાલક શૈલેષ ત્રિવેદીની પોલીસે અટકાયત કરી કોર્ટ સમક્ષ રજૂ કરતાં તેઓને જેલ હવાલે કરવામાં આવેલ હોવાનું જાણવા મળેલ છે.


LG

સ્માર્ટ બનો, સ્માર્ટ ખરીદો.

LG ઈલેકટ્રોનીકસ તથા હોમ એપ્લાયન્સીસ પ્રોડકટસની સંપૂર્ણ શ્રેણી મેળવો માત્ર એકજ સ્થળે...

સરળ માસીક હપ્તે વસાવો

0% વ્યાજદર

SERVICE SUPPORT | EXCHANGE OFFER | FREE INSTALLATION

EASY EMI AVAILABLE | BAJAJ FINSERV | HDB FINANCIAL SERVICES

RAM ENTERPRISE

અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ

રામ એન્ટરપ્રાઈઝ

હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી. ફોન : ૦૨૭૯૨-૨૨૩૭૪૨, મો. ૯૪૮૪૪ ૫૯૫૪૭


---


આમ આદમીનું અખબાર

અમરેલી એકસપ્રેસ



આપના માટે લાવી રહ્યું છે લવાજમ યોજના

વાર્ષિક લવાજમ યોજના ૨૦૨૪

લવાજમ ભરો માત્ર ₹ ૮૯૯/-

અને મેળવો આખું વર્ષ અમરેલી એકસપ્રેસ...

સચોટ-સટીક

સાતત્યસભર દૈનિક

સાવરકુંડલામાં

એજન્ટ/પત્રકારની નિમણુંક થયેલ છે



કેવલ વેલાણી (સાવરકુંડલા)

સાવરકુંડલા શહેરમાં ''અમરેલી એકસપ્રેસ'' દૈનિકના પત્રકાર કમ એજન્ટ તરીકે કેવલ વેલાણી ની નિમણુંક કરવામાં આવી હોય પ્રેસનોટ, અવસાનનોંધ, જાહેરખબર અને વર્તમાનપત્ર મેળવવા માટે સંપર્ક કરો.

કેવલ વેલાણી

મો. ૯૯૯૮૭ ૭૮૨૮૧–સાવરકુંડલા

લવાજમની મુદ્દત

તા.૦૧–૦૧–૨૦૨૪

થી

તા.૩૧–૧૨–૨૦૨૪

કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩

www.amreliexpress.com

e-mail : amreliexpress7@gmail.com


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)